**સુવિચાર**

દરેક વ્યકિત પોતાને બદલી શકે છે અને પોતાની તકદીરનો માલિક બની શકે છે. આપણે જે કંઈ પણ છીએ તે આપણા વિચારોના કારણે છીએ.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૩/૦૧/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૦ પોષ સુદ-૧૩ વર્ષ : ૧૫ અંક : ૦૩૬

## પ્રધાનમંત્રી મોદી, યોગી અને મોહન ભાગવતે પૂજા અર્ચના કરી

# જય શ્રી રામ : અયોધ્યા ખાતે શ્રી રામ મંદિરમાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા યોજાઈ

**૮૪ સેકન્ડનાં ખૂબ ટૂંકાગાળાનાં શુભ મુર્હુતમાં મંદિરમાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા કરાઈ**

**અમિતાભ, મુકેશ અંબાણી, મોરારીબાપુ, સચીન તેંડુલકર સહિતનાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યા**

**પ્રાણ પ્રતિષ્ઠામાં ૧૨૧ આચાર્યો હતા જેમણે મહોત્સવને તમામ વિધિઓનું સંચાલન કર્યુ**

**અયોધ્યાનગરીને હજારો કિવંટલ ફૂલ અને લાઈટો વડે કોઈ દુલ્હનની જેમ શણગારાઈ હતી**



અયોધ્યા, તા.૨૨ ઉત્તરપ્રદેશના અયોધ્યામાં બનેલા દિવ્ય અને ભવ્ય રામ મંદિરમાં પ્રભુ શ્રી રામના બાળ સ્વરુપ રામલલાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થઈ ચૂકી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી

(અનુસંધાન પાના ૬ ઉપર)

### રામમંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન

## આજથી સામાન્ય લોકો રામ મંદિરમાં દર્શન કરી શકશે

**મંદિર સવારે ૭:૦૦થી ૧૧:૩૦ કલાક સુધી અને બપોરે ૨:૦૦ કલાકથી સાંજે ૭:૦૦ કલાક સુધી ખુલ્લું રહેશે**

અયોધ્યા, તા. ૨૨

આજે મંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગને પગલે અયોધ્યામાં દેશવિદેશના મહાનુભાવો ઉમટી પડ્યા હતા. મોટાપાયે વીવીઆઈપી મુવમેન્ટને કારણે આખી અયોધ્યા નગરી એક અભેદ્ય કિલ્લામાં ફેરવાઈ ગઈ હતી. ત્યાં સ્થાનિકો માટે પગ મુકવાની પણ જગ્યા નથી, અંદાજે ૭ હજારથી પણ વધુ લોકો આજે અયોધ્યામાં ઉપસ્થિત રહેવાની ધારણા હતી, ત્યારે સામાન્ય માણસ પ્રભુના દર્શન ક્યારે કરી શકશે તે એક સવાલ છે, જો કે સામાન્ય માણસને સ્પર્શતી રામમંદિરની તમામ બાબતોનો અહીં જવાબ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

લગભગ આ શક્ય બને તેમ લાગતું નથી, કારણકે હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓનો તથા વીવીઆઈપીનો ધસારો આખો દિવસ રહેવાનો છે. પરંતુ બીજા દિવસથી એટલે કે ૨૩ જાન્યુઆરીથી દર્શન કરી શકાશે.

(અનુસંધાન પાના ૬ ઉપર)

### પરિણીતા સાથે બળજબ્બરીથી શરીર સંબધ બાંધતા

## કુંકાવાવનાં પ્રથમ નાગરિક ગણાતા સરપંચ સંજયભાઈ લાખાણી વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૨૨

મોટી કુંકાવાવ ગામે રહેતા નિવૃત ફૌજી સંજયભાઈ વિરજીભાઈ લાખાણી સને-૨૦૨૨ની સાલમાં મોટી કુંકાવાવ ગ્રામ પંચાયતના સરપંચ તરીકે ચુંટાઈ આવતાં તે સમયે તે જ ગામે રહેતી અને બ્યુટી પાર્લરનો વ્યવસાય

(અનુસંધાન પાના ૬ ઉપર)

NATIONAL INSTITUTE OF OPEN SCHOOLING
(N.I.O.S)
ધો. ૧૦/ધો. ૧૨
સામાન્ય પ્રવાહ / વિજ્ઞાન પ્રવાહ
એડમીશન માટે સંપર્ક : 94272 49256
શ્રી તુન્ની વિદ્યામંદિર
જેશીંગપરા, રંગપુર રોડ, અમરેલી.-૩૬૫૬૦૧

''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જોઇએ છે
અમરેલી એકસપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.
ઓફિસબોય..............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨



NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
આંખના પડદાના નિષ્ણાત સર્જન હવે... આપના અમરેલી માં



ડો. આશિષ ખોડીફાડ
(DO, DNB, FVRS)
ભાવનગરના આંખના પડદાના નિષ્ણાત સર્જન હવે દર મહિનાના ચોથા બુધવારે અમરેલી માં મળશે
સ્થળ: રાધિકા હોસ્પિટલ
તારીખ : ૨૭/૧૨/૨૦૨૩ બુધવાર
સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦

કેવા દર્દીઓએ આંખના પડદાની તપાસ કરાવવી જોઈએ?
- આંખ સામે કાળા મચ્છર ફરતા હોય એવું લાગવું
- આંખમાં વિજળીના ચમકારા થવા
- દ્રષ્ટિ એક બાજુથી કપાવી
- અચાનક દ્રષ્ટિ ઘટી જવી.
- ચશ્માના નંબર વધારે હોવા
- આંખની સામે કાળુ ધાબુ દેખાવુ
- વાંકુ-ચૂકું દેખાવું
- ડાયાબિટિસ અથવા બ્લડ પ્રેશર હોવુ
- આંખની કોઈપણ પ્રકારની ઈજા થવી
- આંખ વારંવાર લાલ થવી / વારંવાર સોજો આવી જવો
- જન્મ સમયે બાળકનું વજન ઓછું હોવું / બાળકનો જન્મ અધુરા માસે હોવો

વધુ માહિતી માટે સંપર્ક કરો 99789 66629
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦





મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી. મો. 9974772377

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ (૧૦ ગ્રામ)
55,290/-
અમરેલી
વધુ માહિતી માટે : ૬૩૫૨૪ ૩૧૩૬૬

### જવાબદાર વિભાગને કોઈ ચિંતા નથી

# દામનગરમાં માર્ગોની હાલ બિસ્માર બનતા વાહનચાલકો પરેશાન

## વિકાસને દિવો લઈને શોધવો પડે છે

દામનગર, તા. ૨૨

વિકાસ સિવાય કયારેય કોઈએવાતકરવીનહિ એવુંભા.જ.પ. (સત્તા હોય ત્યારે..!) એવું કહેતા હોય. અમારા શાસનમાં કોઈ ગેરરીતિ કે ભ્રષ્ટાચાર કરતું જ નથી..!! હાભાઈ, આ તો વિકાસશીલ ગુજરાત છે, એમાં 'સૌનો સાથ સૌનો વિકાસ' એવા મંત્ર સાથે આગળ વધવાથી દેશમાં આપણું ગુજરાત નંબર ૧ બની ગયુ..!! (બની રહ્યું છે...) ત્યારે દામનગર નગરપાલિકા વિસ્તારમાંથી પસાર થતા અમરેલી જિલ્લા પંચાયત હસ્તકના માર્ગ અને મકાન વિભાગના રોડ ઉપર ખાડાઓ બુરવા માટે અમરેલી જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગના જવાબદાર લોકોનું ધ્યાન દોર્યું છે અને છેલ્લા કેટલાંક સમયથી આ ગંભીર બાબતે અખબારોમાં અહેવાલો છપાતા રહે છે છતાં શું તસ્વીરમાં દેખાતા ખાડા નથી..!!?



ખાડાઓ, આખલાઓ અને રેઢીયાળ પશુઓને કારણે લોકોને કાઈ વાંધો ન આવે કેમ કે આ તો ગુજરાત છે, ભાઈઓ –બહેનો...


### એસપીની સુચનાથી સીટી પોલીસની કામગીરી

# અમરેલીનાં ધરમનગરનાં રહેણાંક મકાનમાં ચોરી કરનાર આરોપી ઝડપાયો

## હરિપુરા ગામની સીમમાંથી અટકાયત

અમરેલી, તા. ૨૨

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જીલ્લામાં બનતા મિલકત સબંધીત ગુન્હાઓમાં પોલીસ તપાસમાં જાહેર થયેલ આરોપીને ત્વરીત પકડી પાડવા તથા ધોરણસર કાર્યવાહી કરવા સુચના આપેલ હોય. જે અન્વયે અમરેલી સીટી પોલીસ ઈન્સ્પેકટરડી.કે. વાઘેલાના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ.ઈન્સ. કે.એમ. પરમાર તથા અમરેલી સીટી પોલીસ ટીમ દ્વારા અમરેલી સીટી પોલીસ સ્ટેશનના આઈપીસી કલમ ૩૮૦, ૩૭૯, ૪૫૭, ૧૧૪ મુજબના ગુન્હામાં ટેકનિકલ સોર્સ તથા હ્યુમન સોર્સની મદદથી ચોક્કસ બાતમી આધારે પોલીસ તપાસમાં જાહેર થયેલ અને પોલીસની કાયદેસરની ધરપકડથી



બચવા સારૂ પોલીસથી બચતા ફરતા આરોપી વિજય મગરસીંગ અજનાર રહે. હાલ. હરીપુરા વાડી વિસ્તાર, (તા.જી. અમરેલી, મુળ મધ્પ્રયપ્રદેશ)ને અમરેલીના હરીપુરા ગામની વાડી વિસ્તારમાંથી પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

### એશિયાટીક સિંહોની માઠી બેઠી હોય તેમ

# રાજુલા નજીક પેસેન્જર ટ્રેન હડફેટે આવતા સિંહણ ઇજાગ્રસ્ત થઇ

## વન વિભાગે ઇજાગ્રસ્ત સિંહણની સારવાર શરૂ કરી

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લામાં અતિ મહામુલ્ય ગણતાં એશિયાટીક સિંહોની જાણે માઠી બેઠી હોય તેમ અવાર નવાર સિંહ, સિંહણ, સિંહબાળ વાહન અથવા ટ્રેન હડફેટે ચડી જવાની ઘટના હવે સામાન્ય બની હોય તેમ ફરી એક વખત રાજુલા નજીક પેસેન્જર ટ્રેન હડફેટે સિંહણ આવી જતાં રેલ્વે ટ્રેક ઉપર થયો સિંહણનો અકસ્માત જેમાં રાજુલા નજીક પેસેન્જર ટ્રેન હડફેટે સિંહણ આવી જતાં સિંહણ ઈજાગ્રસ્ત થવા પામી હતી. જેમાં ઈજાગ્રસ્ત સિંહણનું વનવિભાગે રેસ્કયું ઓપરેશન કરી સારવાર અર્થે ખસેડવામાં આવી હોવાનું પણ જાણવા મળેલ છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ રાજુલાના ડોળીયાથી રીંગયાણી વચ્ચે ગઈકાલે



એક પેસેન્જર ટ્રેન પસાર થતી હતી. ત્યારે રેલ્વે ટ્રેક ઉપરથી પસાર થતી એક સિંહણ સાથે અકસ્માત સર્જાયો હતો. જેમાં આ સિંહણ ઈજાગ્રસ્ત થવા પામી હતી. ઈજાગ્રસ્ત થયેલ સિંહણનું વનવિભાગે રેસ્ક્યું ઓપરેશન કરી સારવાર અર્થે ખસેડવામાં આવી હોવાનું પણ જાણવા મળેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, એક પખવાડિયા પહેલા અલગ અલગ ૨ ટ્રેન સાથે સિંહ પરિવારના અકસ્માત બાદ ફરી ત્રીજો સિંહણ સાથે સર્જાયો અકસ્માત થયાનો બનાવ બનતા સિંહોની સુરક્ષામાં વનતંત્ર થયું પાંગળું પુરવાર થયાનો આક્ષેપ થવા પામેલ છે. ત્યારે અવારનવાર ટ્રેઈન હડફેટે સિંહણ અકસ્માતની ઘટનાના બનાવથી સિંહ પ્રેમીઓમાં પણ રોષ ભભુકી ઉઠયો છે.

### તગડો પગાર મેળવતા આચાર્ય ફરજ ચુકી ગયા

# લ્યો બોલો : સા.કુંડલાના લુવારા ગામના ૧૨ બાળકો આચાર્યની બેદરકારીથી નવોદય પરીક્ષાથી વંચિત રહ્યા

## વાલીઓએ બાળકોને કોચિંગ અપાવવા કરેલ ખર્ચ પાણીમાં

(પ્રતાપ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૨૨

તારીખ ૨૦ જાન્યુઆરી શનિવારના રોજ યોજાઈ ગયેલી નવોદય પ્રવેશ પરીક્ષાની હોલ ટિકિટ લેવા ગયા, ત્યારે ખ્યાલ આવ્યો કે સાહેબ તમામે તમામ વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાનું જ ભૂલી ગયા છે..!! તમામ વાલીઓએ ધારાસભ્ય પાસે દોડી જઈને રજૂઆત કરી હતી.

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને આ આચાર્ય સામે ઘોર બેદરકારી બદલ કડકમાં કડક પગલાં ભરવા પત્ર લખ્યો છે. પરંતુ અહીં સવાલ એ છે કે, આચાર્યને સસ્પેન્ડ કરે કે બદલી કરે કે કોઈપણ પ્રકારના કડક પગલાં ભરે, પરંતુ વિદ્યાર્થીઓની કારકિર્દીની આ અતિ મહત્વની તક તે આચાર્યના પાપે છીનવાઈ ગઈ તે કેવી રીતે ભરપાઈ થશે...?!! આચાર્ય સામે જે પગલાં લેવા હોય તે લ્યો પરંતુ આ ૧૨ વિદ્યાર્થીઓ કે જે તમામ અતિ તેજસ્વી છે અને છેલ્લા એક વર્ષથી વિદ્યાર્થીઓ, વાલીઓ નવોદય વિદ્યાલયમાં રાષ્ટ્રીય કક્ષાનું શિક્ષણ પ્રાપ્ત કરવાની તકની રાહ જોઈને બેઠા હતા. અરે ખાસ કોચિંગ સ્કૂલોમાં હજારો રૂપિયા ફી ભરીને તનતોડ મહેનત કરતા હતા. તેનું હવે શું...?!! શિક્ષણ વિભાગે આ પ્રકરણને ખાસ કેસ તરીકે જોવો જોઈએ અને સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય એટલે સરકારના પ્રતિનિધિ જ કહેવાય, ત્યારે સરકારે તેની ભૂલની જવાબદારી સ્વીકારી સ્પેશિયલ કેસ તરીકે આ તમામ વિદ્યાર્થીઓ માટે ખાસ પરીક્ષાની વ્યવસ્થા કરી, તેમની ઝૂંટવાયેલી તક ફરી આપવી જોઈએ. કલેકટર અમરેલી, જિલ્લા વિકાસ અધિકારી અમરેલી, જિલ્લા શિક્ષણ અધિકારી અમરેલી, ધારાસભ્ય અને સાંસદ આ બાબતને તાત્કાલિક અગ્રીમતા આપી ગુજરાત સરકારમાં મુખ્યમંત્રી, શિક્ષણમંત્રીને જરૂર પડે તો કેન્દ્રીય શિક્ષણ વિભાગને પણ રજૂઆત કરી, આ બાળકોના સ્વપ્નને પૂર્ણ કરવાની એક તક આપવી જોઈએ. ઘણીવાર જોવા મળ્યું છે કે નવોદય મુખ્ય પ્રવેશ પરીક્ષા પછી પણ ઘણા જિલ્લાઓમાં જગ્યાઓ ખાલી રહેતી હોય છે. ત્યારે હજુ ચાલુ વર્ષની પરીક્ષા ગઈકાલ તારીખ ૨૦ જાન્યુઆરી શનિવારે જ લેવાણી છે ત્યારે હજી જાજો સમય થયો નથી.

લુવારા ગામના આ તમામ બારેય બાળકોના વાલીઓ સામૂહિક રીતે એવી માંગણી કરી રહ્યા છે કે, અમારા બાળકો હતાશ થઈ ગયા છે. જેમણે આખું વરસ મહેનત કરી,અમે પૈસા કર્યા ખર્ચા... આ બધુ વ્યર્થ ગયું... ત્યારે અમે એવું ઈચ્છીએ છીએ કે ખાસ કિસ્સા તરીકે શિક્ષણ વિભાગે અમારા બાળકોની પરીક્ષા માટેની વ્યવસ્થા કરવી જોઈએ... આચાર્યની આળસ કે ઘોર બેદરકારીને કારણે, (૧) સીસારા આર્યન જીતેશભાઈ, (૨) બેપારિયા ધાર્મિક મધુભાઈ, (૩) સોરીયા ધ્રુવ વિપુલભાઈ, (૪) સીસારા હિતેશા ભલાભાઈ, (૫) નાયકા જય રાકેશભાઈ, (૬) કારેતા મહેરી વનરાજભાઈ, (૭) ચાંદુ સત્યમ ખોડુભાઈ, (૮) નાયકા વીર રાકેશભાઈ, (૯) ચાંદુ વિરપાલ મહેશભાઈ, (૧૦) લોરીયા યુગ રમેશભાઈ, (૧૧) ગુર્જ્જર યશ દિનેશભાઈ, (૧૨) ચાંદુ જાનવી બિચ્છુભાઈ

આટલા વિદ્યાર્થિઓ અને વાલીઓએ ભોગવવો સમય આવ્યો છે ત્યારે વાલીઓ આશા સેવી રહ્યાં છે કે, મૃદુ અને મક્કમ ગૂજરાત સરકાર દ્વારા તાત્કાલીક કોઈ આશા ભર્યો નિર્ણય લેવામાં આવે.

''અમરેલી એકસપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ–મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

# કોટડાપીઠામાં ભગવાન શ્રીરામ ભગવાનની વિશાળ શોભાયાત્રા



તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા



બાબરા, તા. ૨૨

બાબરા તાલુકાનાં કોટડાપીઠામાં તા.૨૨/૧/૨૪નાં રોજ સવારનાં ૮ વાગ્યે અયોધ્યામાં શ્રીરામ ભગવાન બીરાજમાન થવા જઈ રહયા છે. ત્યારે કોટડાપીઠા મુખ્ય રામજી મંદિરથી ભવ્ય શોભાયાત્રા નિકવેલ, ગામનાં રામનામનાં જનારા ગુંજી રહયા છે. ગામનાં દરેક ઘરોમાં તથા ચોકમાં રંગોળીથી સજાવટ તથા ગામની મુખ્ય નજારમાં સાથીયા પુરવામાં આવેલ શ્રીરામનાં નામ તથા પ્રતિમા વાળા ધ્વજ ફરકાવવામાં આવેલ છે. કોટડાપીઠાની રિધ્ધ–સિધ્ધી શૈક્ષણિક સંકુલના બાળ કો દ્વારા શ્રીરામનાં જીવન ચરીત્રનાં દર્શન કરાવતા ફલોટ સાથે સત્તર ટ્રેકટરમાં વિશાળ એક કિલોમીટર લાંબી ભવ્ય શોભાય યાત્રા ગામમાં ફરી હતી.જેમાં મોટી વિશાળ સંખ્યામાં ભાઈઓ,બહેનો સ્વયંભુ જોડાયા હતા. જય શ્રી રામનાં નારા સાથે ગામ આખું રામમય બની ગયું હતું. ગામ લોકો ટેકટર શોભાયાત્રાનું સ્વાગત, કરતા હતા. ઠેર–ઠેર રંગોળી, દીપ પ્રાગટય તથા ફટાકડા સાથે ભવ્ય રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ગામમાં દિવાળી જેવો માહોલ સર્જાયો છે. કોટડાપીઠા ગામે આટલા વર્ષોમાં આટલી વિશાળ તથા ભવ્ય શોભા યાત્રા જોઈ નહી હોય, કોટડાપીઠા ખાતે ગામે મુખ્ય રામજી મંદિરમાં ૫૬ (છપ્પન) ભોગ અન્નકુટ ધરવામાં આવેલ હતો. ડી.જે.જયશ્રીરામના નારા સાથે શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કરવા લોકો થનગની રહયા હતા.

### તસ્કરોને રાત્રિમાં ઠંડી લાગતી લાગે છે

# રાજુલા : ઝાંઝરડાનાં ખેડૂતનાં રહેણાંકમાં ધોળે દિ'એ ચોરી થઈ

## રૂપિયા ૩.૪૮ લાખનાં દાગીનાની ઉઠાંતરી

અમરેલી, તા. ૨૨

રાજુલા તાલુકાના ઝાંઝરડા ગામે રહેતા અને ખેતી કામ કરતાં ચારોડીયા રોડ ઉપર નાથાભાઈ લાખાભાઈ લાખણોત્રા નામના ૪૨ વર્ષિય ખેડૂતના રહેણાંક મકાનમાં ગત તા. ૨૦ના રોજ સવારે ૮/૩૦થી બપોરના ૧/૩૦ વાગ્યાના દિવસ દરમ્યાન કોઈ અજાણ્યો ચોર ઈસમે ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી ખેડૂતના રૂમનું તાળુ તોડી રૂમમાં રાખેલ કબાટનું બારણુ તોડી તેમા રાખેલ સોનાનો હાર આશરે સાડા ત્રણ તોલા જેની આશરે કિંમત રૂપિયા ૧,૮૦,૦૦૦ તથા સોનાના માથામાં પેરવાના ટીકા નંગ–૨ આશરે ૬ ગ્રામ જેની કિંમત રૂપિયા ૨૦,૦૦૦ તથા સોનાની બુટી જોડ નંગ ૨ આશરે ૭ ગ્રામ જેની કિંમત રૂપિયા ૨૧,૦૦૦ તથા સોનાના વેઢલા (કરડા) નંગ ૪ આશરે બે તોલા જેની કિંમત રૂપિયા ૫૦,૦૦૦, સોનાની વીંટી નંગ ૨ આશરે ૬ ગ્રામ જેની કિંમત રૂપિયા ૧૨,૦૦૦, સોનાની કાનની કડી જોડ ૩ આશરે ૮ ગ્રામની જેની કિંમત રૂપિયા ૧૫,૦૦૦, સોનાની ગળાની માંદરડી આશરે ૩ ગ્રામ જેની કિંમત રૂપિયા ૮૦૦૦, ચાંદીનો કેડનો કંદોરો નંગ ૧ આશરે ૨૦૦ ગ્રામ કિંમત રૂપિયા ૨,૫૦૦, ચાંદીની ઝાંઝરી બેજોડી આશરે ૨૦૦ ગ્રામ કિંમત રૂપિયા ૨૫૦૦, ચાંદીના હાથના છાપડા તથા પગના બોરીયા ૧ જોડ તથા ચાંદીનુ કડુ તથા ચાંદીની લકી આશરે ૧૫૦ ગ્રામ કિંમત રૂપિયા ૨૦૦૦ તથા રોકડા રૂપિયા ૩૫,૦૦૦ મળી કુલ રૂપિયા ૩,૪૮,૦૦૦ ના મુદામાલની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરાઈ છે.

### ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા

# બાબરામાં મુખ્ય બજારોમાં રંગોળી દોરી સજવામાં આવી

## બજારોમાં ધજા પતાકા અને રોશનીનો શણગાર

અમરેલી, તા. ૨૨

બાબરામાં ભગવાન શ્રી રામનાં નૂતન મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનાં સંદર્ભે બાબરા શહેર અયોધ્યા ધામ બન્યું છે. બાબરામાં ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ મુનાભાઈ મલકાણાના નેતૃત્વમાં શહેરમાં બઝારોમાં રંગોળી દોરવામાં આવી છે. તેમજ લાઈટ અને ધજા પતાકા બાંધી બઝારોને રોશનીની પણ શણગાર કરવામાં આવ્યો છે.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

# અમરેલી ખાતે લોકસાહિત્ય સેતુની બેઠકમાં રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે સુંદરકાંડના પાઠ યોજાયા












પૂજય મોરારીબાપુના રૂડા આશીર્વાદથી સ્થપાયેલ લોકસાહિત્ય સેતુની ૧૧૩મી નિયમિત બેઠક બાલભવનમાં સંપન્ન થઈ. પ્રારંભમા લોકસાહિત્ય સેતુના પ્રમુખ મહેન્દ્રભાઈ જોષીએ પધારેલ સર્વ સદસ્યો ભાઈઓ– બહેનોને હેતથી આવકાર આપી કાર્યક્રમ અંતર્ગત વિસ્તૃત છણાવટ કરી. અમરેલી જિલ્લા વિશ્વ હિંદુ પરિષદના પ્રમુખ ઈતેશભાઈ મહેતા અને પારૂલબેન મહેતા દંપતિ અયોધ્યાથી આવેલ પવિત્ર અક્ષતકુંભને ધારણ કરી પ્રભુ રામચંદ્રના જયજયકાર સાથે પધારતા ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી મોટભાઈ સંવટ, નારણભાઈ ડોબરિયા, દેવકુભાઈ વાળા, પંકજભાઈ જોષી, લવજીભાઈ ચાવડા, રસીલાબેન વ્યાસ, તરૂલત્તાબેન વ્યાસ, ચંદ્રકાંતભાઈ વ્યાસ, કમલેશભાઈ દવે, પ્રીજલબેન દવે, પૂ. આશાબેન ગણાત્રા, પૂ. દેવેન્દ્રદાદા, રામરૂપ ધારણ કરનાર ચી.જીત રાજયગુરૂ, સમેત સુંદરકાંડ ગૃપના વિશાળ સંખ્યામાં ઉપસ્થિત બહેનો–ભાઈઓ એ પોતાના મસ્તક ઉપર કુંભ ધારણ કરી ભાગ્યશાળી થયા. પ્રસિદ્ધ સી.એ. કમલેશભાઈ દવે તથા પ્રિજલબેન દવે દંપતિની સેવા નોંધ લઈ લોકસાહિત્ય સેતુના ગોવિંદભાઈ ગોંડલીયા, હસુભાઈ જોષી, મહેન્દ્રભાઈ શુકલ, મોટાભાઈ સંવટ, નારણભાઈ ડોબરિયા, મહેન્દ્રભાઈ જોષીએ શાલ, પુષ્પગુચ્છથી ભવ્યાતિ ભવ્ય સન્માન કરવામાં આવ્યુ. ભગવાન રામ, સીતાની ઉત્તમ આકર્ષક રંગોળી ઉત્સાહપૂર્વક તૈયાર કરનાર અજમેરા સ્કૂલના શિક્ષિકા મિતલબેન વઘાસિયાનુ સન્માન કરવામાં આવ્યુ. પૂ. સદ્‌ગુરૂદેવ રણછોડદાસબાપુના માનસપુત્રી પૂ.ડો. આશાબેન ગણાત્રાની આગેવાનીમાં પ.પૂ. દેવેન્દ્રદાદાના વ્યાસાસને સુંદરકાંડના પાઠનું રાગરાગણીથી ભવ્ય સમૂહ સુરાવલીમા ભકિતભાવપૂર્વક ગાન કરવામા આવ્યુ. મુ.રવિબાપુ જેવા સાધુના કર્ણપ્રિય રાગથી ચોપાઈ ગાનથી પ્રભુ પધારવાની પૂર્વ સંધ્યાએ સ્વચ્છ આકાશમાં સપ્તર્ષિના દર્શન થયા. પૂજન, અર્ચન પછી પાવન પ્રસાદ ગ્રહણ કરી બેઠક સંપન્ન કરવામા આવી. સમારંભને સફળ બનાવવા વિભાબેન રાજયગુરૂ, મહેન્દ્રભાઈ શુકલ, હસુદાદા જોષી, સંજયભાઈ, રજનીભાઈ ભટ્ટ, રમેશભાઈ જાદવ, સોનલબેન ત્રિવેદી, માલતીબેન પંડયા વગેરેએ ભારે જહેમત ઉઠાવી. સુરાણીભાઈ, અશ્વિનભાઈ ત્રિવેદી, નરેશભાઈ મહેતા, મુકુંદભાઈ મહેતાએ શુભેચ્છાઓ પાઠવી. આવા સુંદર આયોજન બદલ બાલભવનના ચેરમેન હેમેન્દ્રભાઈ મહેતા, મુખ્ય ટ્રસ્ટી જવાહરભાઈ મહેતા તેમજ અમેરિકા સ્થિત મનિષાબેન પંડયા આર્થિક સૌજન્ય દાતાએ આનંદ વ્યકત કર્યો. આભાર દર્શન મહેન્દ્રભાઈ જોષીએ પોતાની આગવી શૈલીમાં કર્યુ.

### એસપીની સુચનાથી પેરોલ ફર્લો સ્કવોર્ડનો સપાટો

# બાબરા : અપહરણ તથા પોકસોનાં ગુન્હાનાં આરોપીની કરાઈ અટકાયત

## સુરત ખાતેથી આરોપી મનોજભાઈ સોલંકીની અટકાયત



અમરેલી, તા. ૨૨

અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના ફેદરા ગામના વતની અને હાલ રહેતા સુરતના અમરોલી વિસ્તારના સાપરાભાઠા ગામે રહેતા મનોજભાઈ ભુદરભાઈ સોલંકી (કાવઠીયા) નામના ૨૯ વર્ષિય શખ્સે ભોગ બનનાર સગીરવયની હોવાનુ જાણવા છતાં પણ બદકામ કરવાના ઈરાદે સગીરાને ભગાડી લઈ ગયેલ હોય. જે અંગે બાબરા પોલીસ સ્ટેશનમાં આરોપી મનોજભાઈ ભુદરભાઈ સોલંકી (કાવઠીયા) વિરૂધ્ધ ફરિયાદ નોંધાયેલ હતી અને જે અંગે આરોપીનું સ્પે.પોકસો સેશન્સ કોર્ટ અમરેલી દ્વારા સીઆરપીસી કલમ–૭૦ મુજબ વોરંટ ઈશ્યુ કરેલ હોય જે કામે આરોપી ફરાર હતો.

જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે નાસતા ફરતા આરોપી તથા ફરાર કેદીઓ પકડી પાડવા અસરકારક કામગીરી કરવા જરૂરી સુચનાઓ આપેલ હોય. જે અન્વયે એલ.સી.બી. અમરેલી પોલીસ ઈન્સ. એ.એમ. પટેલના માર્ગદર્શન આધારે પેરોલ ફર્લો સ્કવોર્ડ અમરેલીની ટીમને મળેલ ચોકકસ બાતમી ધ્વારા બાબરા પોલીસ સ્ટેશનના આઈ.પી.સી. ૩૬૩, ૩૬૬ તથા પોકસો કલમ ૧૮ મુજબના કામે નાસતા ફરતા આરોપી મનોજભાઈ ભુદરભાઈ સોલંકી (કાવઠીયા)ને સુરત મુકામેથી તા. ૨૧/૧/૨૪ ના રોજ ચોક્કસ બાતમી આધારે પકડી પાડી આગળની ઘટતી કાર્યવાહી કરવા બાબરા પોલીસને સોપવા તજવીજ હાથ ધરેલ છે.

### સસલાનો ખોરાક બનાવવાનાં પ્રયાસ રૂપે

# રાજુલા : વાવેરા–બર્બટાણા રેલ્વે ટ્રેક વિસ્તારમાં સસલાનો શિકાર કરનાર ઝડપાયા

## વન્યજીવ રેન્જની ટીમે ૩ આરોપીને દબોચ્યા



અમરેલી, તા. ૨૨

રાજુલા તાલુકાના બર્બટાણા ગામે વાવેરા–બર્બટાણા રેલ્વે ટ્રેક વિસ્તારમાં વન્યપ્રાણી સસલાનો શિકાર કર્યા બાદ શિકારીઓ માસના ટુકડા કરી તેને રાંધવા માટે લઈ જતા હતા. તે દરમ્યાન રાજુલા વન્યજીવ રેન્જની ટીમ ત્રાટકી ત્રણ શિકારીઓને ઝડપી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરાય હતી.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ નાયબ વન સંરક્ષક શેત્રુંજી વન્યજીવ વિભાગ પાલીતાણાના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ વન સંરક્ષક અમરેલીની સુચના હેઠળ, રેન્જ ફોરેસ્ટ ઓફીસર વન્યજીવ રેન્જ રાજુલાના વાય.એમ. રાઠોડનાં સીધા માર્ગદર્શનથી વન્યપ્રાણી શિકારની પ્રવૃત્તિને સદંતર ડામી દેવાના ભાગરૂપે તા. ૨૧/૧/૨૪ ના રોજ રાજુલા રેન્જના સ્ટાફ દ્વારા આરોપી ભગત રણછોડ પરમાર, ભરત ખીમા પરમાર તથા અલ્પેશ ખીમા પરમાર (રહે. તમામ બર્બટાણા, તા. રાજુલા)વાળાને રાજુલા તાલુકાના બર્બટાણા ગામના વાવેરા–બર્બટાણા રેલ્વે ટ્રેક વિસ્તારમાં આ કામના આરોપીઓએ એકસંપ કરી વન્યજીવ સસલા જીવ નંગ–૨ નો શિકાર કરેલ હતો અને બાદમાં સસલાના માસના ટુકડા કરી રાંધવા માટે લઈને જતા તે દરમ્યાન ત્રણ આરોપીઓને ઝડપી પાડેલ હતા. આરોપીઓ પાસેથી ગુન્હાનાં કામ પેટે કુલ રકમ રૂપિયા ૭૫૦૦૦ દંડ પેટે વસુલ કરી આરોપીઓને હાલમાં જામીન પર મુકત કરવામા આવેલ છે.

આ કામગીરીમાં રાઉન્ડ ફોરેસ્ટર ધારેરના આર.પી. વઘાસીયા, વનરક્ષક બર્બટાણા બીટના એચ.આર. બારૈયા, ટ્રેકર્સ ધારેર સંજયભાઈ બારૈયા તથા આપાતકાલીન ટ્રેકર્સ યુવરાજભાઈ ધાખડા સહિતના કર્મચારી/ અધિકારીઓ જોડાયા હતા.

### ખેડૂતોની આવક બમણી થવાને બદલે અર્ધી થઈ રહી છે

# બગસરા પંથકમાં પોષણક્ષમ ભાવો મળતાં ન હોવાથી ખેડૂતોએ ડુંગળી યાર્ડમાં ફેંકી વિરોધ દર્શાવ્યો

## જગતાત ગણાતા ખેડૂતોને પોતાનું પેટ ભરવાની પણ મુશ્કેલી આવી છે



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૨

બગસરામાં માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતો દ્વારા વાહનોમાં લીલી ડુંગળી ભરી અને મહતમના ભાવનાં મળતા ખેડૂતોમાં નારાજગી જોવા મળી હતી અને યાર્ડમાં ઢગલા કરી વિરોધ વ્યકત કર્યો હતો જેમાં લોકોને ફ્રીમાં ડુંગળી લઈ ગયા હતા. ગાયોને પણ ડુંગળી પોતાનો ખોરાક બની ગયો હતો. ખેડૂતને વાહનનો ખર્ચો પણ ન નીકળતા રાતાપાણીએ રોવાનું વારો આવ્યો હતો.

### શાંતિ સમિતિની બેઠકમાં

# બગસરાનાં પોલીસ સ્ટેશનમાં પત્રકારો અને આગેવાનોની બાદબાકી

## ઉચ્ચકક્ષાએ તટસ્થ તપાસ થાય તે જરૂરી

અમરેલી, તા.૨૨

સરકાર દ્વારા વાહન અકસ્માતો વાહન અકસ્માતો ઉપર અંકુશ લાવવા અને ટ્રાફિક નિયમોની સુયોગ્ય અમલવારી માટે વાહન અકસ્માતો ઉપર અંકુશ લાવવા અને ટ્રાફિક નિયમોની સુયોગ્ય અમલવારી માટે તા.૧૫/૧/૨૪ થી તા.૧૪/૦૨/૨૪ સુધી માર્ગ સલામતી માસની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ હોય,અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લામાં કોવાયા મુકામે આવેલ અલ્ટ્રાટ્રેક સિમેન્ટ કંપનીમાં અમરેલી જિલ્લા ટ્રાફિક શાખા તથા આર.ટી.ઓ. કચેરી અમરેલી દ્વારા ટ્રાફિક અવેરનેસ સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. આ ટ્રાફિક અવેરનેસ સેમિનારમાં સિમેન્ટ કંપનીમાં ડ્રાઈવર તાલીમ કેન્દ્ર ખાતે ટ્રક ડ્રાઈવરોને અમરેલી જિલ્લા ટ્રાફિક પોલીસ સબ ઈન્સ્પે.વી.વી.ગોહિલ તથા

# સરંભડામાં અયોધ્યા રામ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી



અમરેલી, તા. ૨૨

અયોધ્યામાં રામજી મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાઈ ગયો. સમગ્ર દેશના ગામડાઓ, શેરીઓ, મહોલ્લાઓમાં લોકો દ્વારા અયોધ્યા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમા ઉત્સવ મનાવવામાં આવ્યો. સરંભડા ગામમા પણ ભગવાનની શોભાયાત્રા કાઢીને રામજી મંદિરમા વિશેષ પૂજા અર્ચના કરવામાં આવી.ગામના મહાનુભાવો સર્વ મોટાભાઈ સંવટ, ભીખુભાઈ દૂધાત, મધુભાઈ હરખાણી,રાજુભાઈ કાછડીયા, મધુભાઈ દુધાત, પૂજારીશ્રી ધીરૂદાસ હરિયાણી સહિત મહિલાઓ, યુવાનો, બાળકોની વિશાળ હાજરીમાં રામજી મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ મનાવવામા આવ્યો. આ તકે પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું.

### પૂર્વ સાંસદ વિરજી ઠુંમરનાં આક્રમક શૈલીમાં પ્રહારો

# ગુજરાતની જનતા ભાજપ સરકારની અણઆવડત અને બેદરકારીથી પરેશાન

## ગાંધીનાં ગુજરાતની જનતા અનેક ક્ષેત્રમાં પાછળ રહી ગઈ


અમરેલી, તા. ૨૨

પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુંમરે આજરોજ અત્રે એક નિવેદનમાં જણાવ્યુંછે કે, ભારતસરકાર તરફથીરજુ થયેલ (એનએફએચએસ)નાં આંકડા પ્રમાણેબંગાલ, બિહાર, કાશ્મીર, કેરલા, ઉત્તરપ્રદેશ કરતા પણ ગુજરાત પાછળ ધકેલાયાનો અહેસાસ ભારત સરકારનાં આંકડા જોતા થઈ રહ્યોછે. કાશ્મીર અને કેરલા ફાઈલ્સને સરકારની જુદી–જુદી સંસ્થાઓએ પ્રોપેગંન્ડા ગણાવ્યોછે તે તથ્ય હિન છે. ગુજરાતમાં થયેલી ૩૦ વર્ષની નબળી કામગીરી સબંધે લોકો સમક્ષ જયારે ખરી વાસ્તવિકતા આવી છે ત્યારે તેમની નિષ્ફળતાને દબાવવા કેન્દ્ર અને રાજયની ભાજપ સરકાર નતનવા ધાર્મિક ઉન્માદો અને ઈવેન્ટો યોજીને ગુજરાતની જનતાને મૂર્ખ બનાવી રહી છે. દેશની ૧૪૨ કરોડ પૈકી ૮૨ કરોડ જનતા ૫ કિલો રેશનીંગ ઉપર ચાલી રહી છે જે ટકાવારીની દ્રષ્ટિએ ૫૭% થાય છે. ૫ કિલો રેશનીંગનું ગાજર આપીને કોમવાદી અંધ ધાર્મિકતા અને નકલી વિકાસની ગુલબાંગો ફૂંકી લોકોને અંધકારની ગર્તામાં ધકેલીને ઉત્સવો અને ભવાઈ વેશો યોજી આમ જનતાને દુઃખ દર્દમાં વધારો કરવાનું ઘોર પાપ ભાજપ સરકાર કરી રહી છે. ગુજરાતની જનતાની વાત કરીએ તો ૯% ગરીબી રેખા નીચે જીવી રહી છે અને ૫ કિલો રેશનીંગ માટે લાઈનમાં ઉભી રહે છે. સમગ્ર રાજયમાં બેકારી, બેરોજગારી અને ખેડૂતો, નાના વેપારીઓ– ધંધાર્થીઓની હાલત અત્યંત દયનીય બની ગઈ છે પરંતુ રાજય સરકાર તાઈફાઓ યોજીને લોકોને ધર્મના નામે લૂંટવાનો પીળો પરવાનો આપી રહી છે. રાજયમાં ૩૮%થી વધારે જનતા કુપોષણનો શિકાર બની ગઈ છે, ૬.૫% લોકો અત્યંત ગરીબી રેખા નીચે ધકેલાઈ ગયા છે, મત મેળવવાની લ્હાઈમાં ગુજરાતને ૩૦ વર્ષથી અન્યાય કરીને અન્ય રાજયોમાં પોતાની જયાં સરકાર છે ત્યાં રસોઈ ગેસ અને અન્ય સવલતો અત્યંત સસ્તા ભાવે આપી ગુજરાતનું લોહી ચુસી રહી છે, ૧૬% યુવાનો રોજગાર માટે ગુજરાતમાં લાઈનમાં ઉભા રહ્યા છે, મોંઘી શિક્ષણ વ્યવસ્થા અને પ્રાઈવેટ સ્કૂલો, શાળાઓ અને કોલેજોના હાટડા ખોલીને શિક્ષણ માફીયાઓને લૂંટવાનો ખુલ્લો પરવાનો આપી યુવાનોને ધાર્મિક અંધતામાં ધકેલી તેમનું અને તેમના પરિવારનું ભવિષ્ય અધોગતિની ગર્તામાં ધકેલી ચુકી છે. મેટ્રો પોલીટીન સીટીમાં ૧૪% લોકો કુપોષણનો શિકાર બની ચુકયા છે અને ગ્રામિત વિસ્તારમાં ૪૪% લોકો કુપોષણનો શિકાર બની ચુકયા છે. રાજયની માળખાકીય વિકાસીય સુવિધાઓ કાગળ પર સુંદર ચિત્રીને દેશ અને રાજયને દેવામાં ડુબાડવાનું અઘોર પાપ કરી રહી છે. માત્ર એક દિવસનાં રામ મંદિરના ઈવેન્ટમાં રાજયમાં ગોદી મીડિયા અને સંઘીય વિચારધારા સાથે સંકળાયેલા મોટા ઉદ્યોગપતિઓ અને સત્તાનો લાભ લઈ જનતાનું લોહી ચુસીને ક્રાઈમ રેટ વધારી રહેલા માફિયાઓને હવાલે ગુજરાતને મુકી દીધું છે અને લોકોને દાળ–રોટી માંગવા માટે મજબૂર કરી રહ્યા છે. આવા રામ રાજયની કલ્પના માત્ર ભાજપ જ કરી શકે. આપણી ધાર્મિક સંસ્કૃતિમાં ભગવાન શ્રીરામ સેતુબંધ પાર કરવા માટે પુલનું નિર્માણ કરવા માટે હનુમાનજીએ રામ નામનાં પથ્થરોનો ઉપયોગ કરીને રાવણ વૃત્તિનો નાશ કર્યો છે જે જગપ્રસિધ્ધ છે. ત્યારે આ આધુનિક યુગમાં અંધશ્રધ્ધા ફેલાવનારા દંભી રાજકીય રામ ભકતો આરાધ્ય દેવ રામના નામનો ગેરઉપયોગ કરી ભુમાફિયાઓ, બળાત્કારીઓ, ગુંડાઓ, અરાજકતા ફેલાવનારાઓ અને આર્થિક પાયપાલીને નોતરનારાઓને પોષવાનું ઘોર પાપ કરી રામ નામનો અનાદર કરી રહ્યા છે જે દુઃખ અને શરમની બાબત છે. ગુજરાતમાં ૩૦ વર્ષતી ચાચડની જેમ લોહી ચુસનારા ભાજપી શાસકો ગાંધીના ગુજરાતને ગોડસેનાં ગુજરાતનું મોડલ બનાવી દારૂઓના હાટડા ખોલી નદીઓ વહેડાવવાનું દુશ પાપ ભાજપ કરી ચુકી છે. ત્યારે ગુજરાતની શાંતિ પ્રિય જનતા અને ગાંધી વિચાર સરણી સાથે ઉછરેલી સંસ્કૃતિને નષ્ટ કરવાનું ઘોર પાપ ભાજપ કરીને દેશને અને ગુજરાતને પાયમાલીમાં ધકેલી રહ્યું છે અને આ બાબતે શરમનો છાટો પણ તેમના માનસમાં દેખાતો નથી તે ઘણી શરમજનક બાબત છે. કેરળ અને કાશ્મીર ફાઈલ્સની ખોટી વાતો કરનારી આ અંધ ભાજપી શાસકોએ ગુજરાત ફાઈલને દબાવીને ગુજરાતમાં સામાજિક માળખા અને વિકાસનાં મોડલને નષ્ટ કરવાનું ઘોર પાપ કર્યુ છે. એક અબળા નારી પર સામુહિક બળાત્કાર થાય તેમના ગર્ભને નષ્ટ કરવામાં આવે અને તેમના આરોપીઓને છોડાવવા માટે કાયદાઓના ખોટા અર્થઘટન કરી આરોપીઓને છોડાવી તેમનું શાહી સ્વાગત કરવામાં જરાઈ શરમ અનુભવી નથી રહ્યા. ત્યારે આવા આરોપીઓ ધ્વારા અધમકૃત્યો કાલ સવારે અન્ય ગુજરાતીઓ પર થઈ શકે ત્યારે આપણે મૌન રહી જોવું પડશે તેવો દિવસ દૂર નથી તેમ અંતમાં જણાવ્યું હતું.



















### અયોધ્યામાં રામલલાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થઈ

# હવે રામલલા ટેન્ટમાં નહીં દિવ્ય મંદિરમાં રહેશે : મોદી

## આ એક નવા કાળચક્રની શરૂઆત છે, મોદીએ તપસ્યામાં કંઈક ખામી રહી હોવાનું કહી ભગવાન રામની માફી માગી

અયોધ્યા, તા. ૨૨

ઉત્તરપ્રદેશના અયોધ્યામાં બનેલા દિવ્ય અને ભવ્ય રામ મંદિરમાં પ્રભુ શ્રી રામના બાળ સ્વરુપ રામલલાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થઈ ચૂકી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, રાજ્યપાલ આનંદીબેન પટેલ અને આરએસએસના વડા મોહન ભાગવતની ઉપસ્થિતિમાં અનુષ્ઠાન પૂર્ણ થયું. આ તમામ યજમાનોએ રામલલાની આરતી ઉતારી હતી. તો બીજી તરફ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં જે મહેમાનોને આમંત્રણ મોકલાયું છે તેમાંના અનેક રાજકીય નેતાઓ, ફિલ્મ જગતના સિતારા અને રમતગમત જગતની અનેક હસ્તીઓ અયોધ્યામાં હજાર છે. અહીં કાર્યક્રમમાં દિગ્ગજો નિવેદન આપી રહ્યા છે.

પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં વડાપ્રધાન મોદીએ સંબોધન કર્યું છે. તેમણે પોતાના સંબોધનની શરૂઆત સીયાવર રામચંદ્ર કી જય..ના નારા સાથે શરૂ કરી. તેમણે કહ્યું કે, 'અહીં ઉપસ્થિતિ, વિશ્વના ખૂણે ખૂણેથી જોડાયેલા રામભક્તોને પ્રણામ અને રામ રામ. 'આજ હમારે રામ આ ગયે હે'. સદીઓની પ્રતિક્ષા બાદ આપણા રામ આવી ગયા છે.

સદીઓનું અભૂતપૂર્વ ધૈર્ય અને બલિદાન અને ત્યાગ-તપસ્યા



બાદ આપણા રામ આવી ગયા છે. આ શુભ ઘડીની સમગ્ર દેશવાસીઓને ખુબ ખુબ શુભેચ્છા. આપણા રામલલા હવે ટેન્ટમાં નહીં રહે. આપણા રામલલા હવે દિવ્ય મંદિરમાં રહેશે. ૨૨ જાન્યુઆરી એક તારીખ નથી, આ એક નવા કાળચક્રની શરૂઆત છે'

હું આજે પ્રભુ રામ પાસે ક્ષમા માંગું છું. આપણી તપસ્યામાં કંઈક તો ખામી રહી ગઈ હશે કે આપણે આટલા વર્ષો સુધી આ કાર્ય કરી ન શક્યા. મને વિશ્વાસ છે પ્રભુ રામ આપણને ક્ષમા કરશે.

પ્રાણ પ્રતિષ્ઠા બાદ સંબોધન કરતા મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે, ભારતના તમામ શહેર, તમામ ગામ અયોધ્યા ધામ છે. તમામ માર્ગ શ્રીરામ જન્મભૂમિ તરફ આવી રહ્યા છે. તમામ જીભ રામ-રામ જપી રહી છે. આખુ રાષ્ટ્ર રામમય છે. એવું લાગે છે, આપણે ત્રેતા યુગમાં આવી ગયા છીએ. રામ મંદિર બનાવવા માટે સંતો, સન્યાસીઓ, પૂજારીઓ, નાગાઓ, નિહંગો, બુદ્ધિજીવીઓ, રાજનેતાઓ તમામ સમાજના લોકોએ ખુદને સમર્પિત કર્યા. મંદિર વહીં બના હે, જહાં કા સંકલ્પ લિયા થા. અયોધ્યામાં બનેલા દિવ્ય અને ભવ્ય રામ મંદિરમાં પ્રભુ શ્રી રામના બાળ સ્વરુપ રામલલાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થઈ ચૂકી છે. રામ મંદિરના ગર્ભગૃહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રાણ પ્રતિષ્ઠા વિધિમાં ભાગ લીધો હતો. અહીં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રાણ પ્રતિષ્ઠા માટે પૂજા-અર્ચના કરી હતી. તેમની સાથે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવત, રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ હાજર રહ્યા.

### અયોધ્યાથી પાછા ફરતા જ મોદીની જાહેરાત

# કેન્દ્ર સરકાર એક કરોડ ઘરો પર રૂફટોપ સોલર લગાવશે : મોદી


## રૂફટોપ સોલરથી લોકોનું વીજળીનું બીલ ઓછું થશે અને ભારત ઉર્જાક્ષેત્રે આત્મનિર્ભર દેશ બનશે

નવી દિલ્હી, તા. ૨૨

વડાપ્રદાન નરેન્દ્ર મોદીએ અયોધ્યામાં રામમંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભાગ લીધા બાદ દિલ્હી પાછા ફરતાની સાથે અત્યંત મહત્વપૂર્મ જાહેરાત કરી છે.

મોદીએ કહ્યું હતું કે સુર્યવંશી ભગવાન શ્રી રામના આલોકથી વિશ્વના તમામ ભક્તગણ સદૈવ ઊર્જા પ્રાપ્ત કરે છે. આજે અયોધ્યામાં પ્રાણ-પ્રતિષ્ઠાના શુભ અવસર પર મારો એ સંકલ્પ છે અને મને લાગ્યું છે કે બારતવાસીઓના ઘરોની છત પર તેમની સોલર રૂફ ટોપ સિસ્ટમ હોય.

અયોધ્યાથી પાછા ફર્યા બાદ મે પહેલો નિર્ણય કર્યો છે કે અમારી



સરકાર એક કરોડ ઘરો પર રૂફટોપ સોલાર લગાવવાના લક્ષ્ય સાથે પ્રદાનમંત્રી સુર્યોદય યોજનાનો પ્રારંભ કરશે. આનાથી ગરીબ ને મધ્યમ વર્ગનું વીજળી બીલ ઓછું થશે સાતે જ ભારત ઊર્જાના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનશે.

### મોદીએ અયોધ્યામાં રામ મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું

# પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ માટે સાત હજારથી વધુ મહેમાનો હાજર

## દેશના વિવિધ ક્ષેત્રના મહાનુભવોની મહોત્સવમાં હાજરી

નવી દિલ્હી, તા. ૨૨

પીએમ નરેન્દ્ર મોદી આજે (૨૨ જાન્યુઆરી) અયોધ્યામાં રામ મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ઉદ્‌ઘાટન પહેલા રામલલાના અભિષેક સમારોહનું આયોજન કરવામાં આવ્યું. આ વિશેષ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ભારત અને વિદેશમાંથી લગભગ ૭૧૪૦ હજાર મહેમાનોને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર અનુસાર, તેમણે ૨૫૮ ન્યાયાધીશો, વકીલો અને કાનૂની નિષ્ણાતોને અભિષેક સમારોહ માટે આમંત્રણ આપ્યું હતું. આ ઉપરાંત ૩૦ વૈજ્ઞાનિકો, સંરક્ષણ બાબતો સાથે સંબંધિત ૪૪ અધિકારીઓ, ૧૫ કલાકારો, ૫૦ શિક્ષણવિદો, ૧૬ સાહિત્યકારો, ૯૩ રમતવીર, ૭ ડોકટરો, ૩૦ વહીવટી અધિકારીઓ, મીડિયા અને સોશિયલ મીડિયા સાથે સંકળાયેલા લગભગ ૧૬૪ લોકો, પુરાતત્વવિદો, ભારતના ૫ લોકો, ૮૮૦ ઉદ્યોગપતિ, ૪૫ આર્થિક નિષ્ણાતો, રાજકીય પક્ષોના ૪૮ નેતાઓ, સંઘ અને વીએચપી સાથે સંકળાયેલા ૧૦૬ નેતાઓ, શ્રી રામ જન્મભૂમિ ટ્રસ્ટ સાથે સંકળાયેલા ૧૫ લોકો, ૯૨ એનઆરઆઈ, ૪૫ રાજકીય કાર્યકરો, ૪૦૦ કાર્યકરો. તરફથી ૫૦ લોકોને આમંત્રણ મોકલવામાં આવ્યું છે. કાર સેવકો અને ૪૦૦૦ સાધુઓ અને મહાત્માઓના પરિવારો. તેમાંથી



મોટાભાગના આજે ફંકશનમાં હાજર રહ્યા હતા.

અભિષેક સમારોહમાં હાજરી આપવા માટે જે મોટી હસ્તીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે તેમાં અબજોપતિ મુકેશ અંબાણી અને તેમનો પરિવાર, રતન ટાટા, ગૌતમ અદાણી, અનિલ અગ્રવાલ, હિન્દુજા ગ્રુપના અશોક હિન્દુજા, અઝીમ પ્રેમજી, નુસ્લી વાડિયા, ટોરેન્ટ ગ્રુપના સુધીર મહેતા, જીએમઆર રાવનો સમાવેશ થાય છે. જીએમઆર ગ્રુપ, નિરંજન હિરાનંદાની, કુમાર મંગલમ બિરલા, અજય પીરામલ અને આનંદ મહિન્દ્રા. અમિતાભ બચ્ચન, રજનીકાંત, હેમા માલિની, માધુરી દીક્ષિત, કંગના રનૌત, આશા ભોસલે, અરુણ ગોવિલ, નીતિશ ભારદ્વાજ, મધુર ભંડારકર, પ્રસૂન જોશી, આલિયા ભટ્ટ અને રણબીર કપૂરને પણ કાર્યક્રમ માટે આમંત્રણ આપવામાં હતા. આ સિવાય સચિન તેંડુલકર, વિરાટ કોહલી, હરભજન સિંહ અને અનિલ કુંબલે જેવા ક્રિકેટરો પણ હાજર રહ્યા હતા. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ અનુસાર, ભગવાન રામલલા સરકારના પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવમાં પ્રવેશ ફક્ત શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર દ્વારા જારી કરાયેલ એડમિટ કાર્ડ દ્વારા જ શક્ય હતો. ફક્ત આમંત્રણ પત્ર મુલાકાતીઓને પ્રવેશ સુનિશ્ચિત કરશે નહીં. એન્ટ્રી ગેટ પરના ઊઈ કોડ સાથે મેચ કર્યા પછી જ પરિસરમાં પ્રવેશ શક્ય બન્યો હતો.

અયોધ્યાના રામ મંદિરમાં અભિષેક સમારોહ પહેલા ગુરુવારે (૧૮ જાન્યુઆરી) બપોરે રામ જન્મભૂમિ મંદિરના ગર્ભગૃહમાં ભગવાન રામલલાની નવી મૂર્તિ સ્થાપિત કરવામાં આવી હતી. મૈસૂર સ્થિત શિલ્પકાર અરુણ યોગીરાજ દ્વારા બનાવવામાં આવેલી રામલલાની ૫૧ ઈંચની મૂર્તિને ટ્રકમાં મંદિરમાં લાવવામાં આવી હતી.

### રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠામાં અનેક સેલિબ્રિટિસ પહોંચ્યા

# અમિતાભ-અભિષેક રામ નામનો ખેસ પહેરીને પહોંચ્યા

## કંગના રનૌતે સોશિયલ મીડિયા પર તસવીરો શેર કરી

અયોધ્યા, તા. ૨૨

જે દિવસની લોકો વર્ષોથી રાહ જોઈ રહ્યા હતા તે દિવસ આજે આવી ગયો છે.

હિન્દુ સમાજના ૫૦૦ વર્ષોના આકરા તપ બાદ છેવટે સોમવાર ૨૨ જાન્યુઆરી એટલે કે આજના દિવસે ભગવાન રામની અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા થઈ છે જેને લઈને દેશ સહિત દુનિયાભરમાં ઉજવણીનો માહોલ છે. ત્યારે આજે સમગ્ર દેશ રામમય બની ગયો છે.

અવધપુરીમાં ઉત્સવનો માહોલ જોવા મળી રહ્યો છે. આ સમારોહમાં સામેલ થવા માટે અનેક હસતીઓ અયોધ્યા પહોંચી રહી છે અને કેટલાક અગાઉથી જ પહોંચી ગયા છે. નેતાઓથી લઈને બોલીવુડ સ્ટાર્સ સુધી દરેક લોકો રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાના સાક્ષી બનવા માંગે છે.

રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠામાં સામેલ થવા માટે બોલીવુડના બીગ બી અમિતાભ બચ્ચન અને અભિષેક બચ્ચન પણ અયોધ્યા પહોંચ્યા છે. અમિતાભ બચ્ચન અને અભિષેક રામ નામ વાળો ખેસ પહેરીને રામ મંદિર પહોંચ્યા છે.

બોલીવુડ ક્વીન કંગના રનૌત પણ અયોધ્યા પહોંચી ચૂકી છે. આ દરમિયાન કંગના રનૌતે સોશિયલ મીડિયા પર તસવીરો શેર કરી અયોધ્યાની ઝલક બતાવી છે. સાડીમાં સજ્જ કંગના રનૌત ટ્રેડિશનલ લુકમાં નજર આવી છે.

કંગના રનૌતે રામ મંદિરની બહારની સુંદર ઝલક બતાવી છે. આ તસવીરોમાં મંદિરનો ભવ્ય નજારો જોવા મળી રહ્યો છે.

### અવધમાં તારા આગમન પર દરગાહમાં પણ દીવા પ્રગટ્યા

# શાહ-એ-આલમ દરગાહે ૧૦૧ દીવા પ્રગટાવીને ઉજવણી કરી

## મુસ્લિમ બિરાદરોએ દરગાહ પર દીપ પ્રગટાવીને રામલલ્લાને આવકાર્યા હતા ત્યારે આ ક્ષણ અદભૂત બની હતી

અમદાવાદ, તા. ૨૨

કરોડો હિન્દુઓનું સપનું આજે સાકાર થયું છે. આ સંસાર અયોધ્યામાં રામ પ્રાણ પ્રતિષ્ઠાની પાવન ક્ષણનો સાક્ષી બન્યો છે. અતિ ભવ્ય, અતિ દિવ્ય, અતિ સુંદર રામ મંદિર અયોધ્યામાં આજે ખુલ્લુ મૂકાયું છે. ૫૦૦ વર્ષની પ્રતિક્ષા બાદ ભક્તોની ઈચ્છા આખરે પૂરી થઈ છે. ઐતિહાસિક ક્ષણનો સાક્ષી બની સમગ્ર ભારતવર્ષ રોમાંચિત થયું છે. દેશમાં આજે ખરેખર બીજી દિવાળીનો દિવસ બન્યો છે. PM નરેન્દ્ર મોદીએ અયોધ્યા રામ મંદિરમાં રામલલ્લાની આંખેથી પટ્ટી ખોલી, હાથમાં કમળ લઈને પ્રાણપ્રતિષ્ઠા કરી હતી. આ ક્ષણ આખા દેશ માટે ગર્વની બની હતી. ત્યારે રામલલ્લાના આગમન પર ન જાણે કેટલાય રેકોર્ડ બન્યા અને કેટલા તૂટ્યા. રામલલ્લાના આગમન પર દરગાહમાં પણ દીપ પ્રગટ્યા છે. અમદાવાદમાં આવેલી શાહ-એ-આલમ દરગાહે દરગાહ પર ૧૦૧ માટીના દીવા પ્રગટાવીને રામ મંદિરના અભિષેકની ઉજવણી કરવામાં આવી. મુસ્લિમ બિરાદરોએ દરગાહ પર દીપ પ્રગટાવીને રામલલ્લાને આવકાર્યા હતા. ત્યારે આ ક્ષણ અદભૂત બની હતી. રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને મુસ્લિમ બિરાદરોએ બિરદાવ્યો છે. આ ખુશી વ્યક્ત કરવા દરગાહમાં દીવા પ્રગટાવી ઉજવણી કરવામાં આવી હતી.

### રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠાની અનોખી ઉજવણી

# સ્વામીનારાયણ વિશ્વમંગલ સંસ્થા દ્વારા ૧૦ દિવસ સુધી મફત ઓપરેશન

## ૧૦ દિવસ સુધી નિષ્ણાત તબીબો ખડેપગે રહેશે એટલું જ નહીં લાખોની રકમ આ સંસ્થાએ દર્દીઓની સારવાર માટે ફાળવી છે

અમદાવાદ, તા. ૨૨

રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાની ઉજવણી સમગ્ર વિશ્વમાં થઇ રહી છે. ત્યારે કલોલની સ્વામીનારાયણ વિશ્વમમંગલ સંસ્થા દ્વારા લોકોના દર્દને દૂર કરવા ૧૦ દિવસ સુધી તમામ પ્રકારની સારવાર મફત આપવામાં આવશે. જે ઓપરેશનના હજારો રૂપિયા થાય છે, મોટાભાગના તે ઓપરેશન અહિં મફત કરી આપવામાં આવશે.

૧૦ દિવસ સુધી નિષ્ણાત તબીબો ખડેપગે રહેશે એટલું જ નહીં લાખોની રકમ આ સંસ્થાએ દર્દીઓની સારવાર માટે ફાળવી છે. શ્રીરામ મંદિર પ્રાણપ્રતિષ્ઠાની પાવન અવસરે સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરુકુલ કલોલ સંસ્થા દ્વારા સંચાલિક પી.એસ.એમ મલ્ટી સુપરસ્પેશ્યાલિટી હોસ્પિટલ અને સ્વામીનારાયમ મેડિકલ કોલેજ દ્વારા એક અનુકરણીય પહેલ કરવામાં આવી છે.

જે અંતગર્ત હોસ્પિટલ ખાતે સળંગ ૧૦ દિવસ સુધી એટલે કે તારીખ ૨૨ જાન્યુઆરી થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ સુધી સારવાર લેવા આવનાર તમામ દર્દીઓને ફ્રી સારવાર આપવામાં આવશે.

એટલું જ નહીં મોંઘાદાટ ઓપરેશન પણ એક રૂપિયાના ખર્ચ વગર કરી આપવામાં આવશે. સ્પેશ્યાલિસ્ટ -સુપર સ્પેશ્યાલિસ્ટ ડોક્ટરો દ્વારા તમામ પ્રકારની સેવાઓ ઓપીડી, કન્સલ્ટેશન, ઓપરેશનો, પ્રસૃતિ, આઇ.સી.યુ ડાયાલીસીસ વગેરે તમામ સારવાર તદ્દન વિનામુલ્યે આપવામાં આવશે.

સંસ્થાના પ્રેસિડેન્ટ પૂ. સ્વામીશ્રી પ્રેમસ્વરૂપદાસજીના જણાવ્યા પ્રમાણે આ મહાઅભિયાનમાં કલોલ તથા આજુબાજુના દસ લાખ જેટલા લોકોને ઉચ્ચકક્ષાની આરોગ્ય સેવાનો વિના મુલ્યે લાભ આપીને રામ મંદિર પ્રાણપ્રતિષ્ઠા પર્વને માનવ સેવાના માધ્યમથી ઉજવવામાં આવશે. જેમાં સંસ્થા દ્વાર જરૂરિયાતમંદ દર્દીઓની સેવા માટે ૫૦ લાખ જેવી માતબર રકમ ફાળવશે. આ તમામ સારવાર અમદાવાદના ખ્યાતનામ નિષ્ણાત ડોક્ટરો દ્વારા અપાશે. જેમાં યુરોલોજિસ્ટ, ન્યૂરો સર્જન, ઓર્થોપેડિક, ગાયનેક, પીડીયાટ્રીશન, આંખ, નાક-કાન, ગળા, ફીજીશીયન, ડેન્ટલ, માનસિક રોગો, ફિજયોશેરાપી વગેરે જેવી તમામ સ્પેશિયાલિટીનો સમાવેશ થશે. અમદાવાદ-મહેસાણા હાઈવે સ્થિત સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરુકુળ કેમ્પસમાં ૩૦ એકર વિસ્તારમાં સ્વામીનારાયણ સંપ્રદાય દ્વારા સંચાલિત વિશ્વની એકમાત્ર સ્વામિનારાયણ યુનિવર્સિટી કાર્યરત છે. જેમાં મેડિકલ, આયુર્વેદિક, હોમિયોપેથીક, નર્સિંગ, ફિજીયોથેરાપી, એન્જીનીયરીંગ, મેનેજમેન્ટ વગેર જેવી કોલેજો દ્વારા ૧૦,૦૦૦ કરતા વધુ વિદ્યાર્થીઓને ઉચ્ચકક્ષાનું શિક્ષણ પુર પાડવામાં આવે છે. સંસ્થાના વડા દ્વારા દર્દીઓને આ દસ દિવસ દરમિયાન મફત સારવાર લેવા પણ અપીલ કરાઈ છે.

### પ્રાણ પ્રતિષ્ઠામાં દેશભરમાંથી વીવીઆઈપી આવ્યા

# સચિન તેંડુલકરની કારને પાર્કિંગની જગ્યા ન મળી

## પ્રાણ પ્રતિષ્ઠા બાદ પોલીસ અધિકારીએ સચિનની કાર પાર્ક કરવા અંગે એનાઉન્સમેન્ટ કર્યા પછી કારને જગ્યા મળી

અયોધ્યા, તા. ૨૨

ભગવાન રામલલાના પ્રાણપ્રતિષ્ઠાનું આમંત્રણ મળ્યા બાદ ફિલ્મ, રમત-જગત, વેપાર ઉદ્યોગના ઘણા જાણીતા લોકો અયોધ્યા પહોંચ્યા હતા. લગભગ ૮૦૦૦થી વધુ લોકોને સમારોહમાં સામેલ થવા આમંત્રણ અપાયું છે, જેમાં મુખ્ય રાજકીય નેતા, મોટા ઉદ્યોગપતિ, ફિલ્મ અભિનેતા, ખેલાડીઓ સહિતના મહાનુભાવો સામેલ છે. કારથી અયોધ્યા આવનારાઓ માટે પાર્કિંગની વ્યવસ્થા પણ કરાઈ હતી, પરંતુ પાર્કિંગ વ્યવસ્થાથી ઘણા લોકોએ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે, જેમાંથી એક પૂર્વ ક્રિકેટર સચિન તેંડુલકર પણ છે. અયોધ્યામાં પણજી ટોલા મોહલ્લા અને હનુમાન કુંડ પાસે કાર પાર્કિંગની વ્યવસ્થા કરાઈ હતી.સચિન તેંડુલકર પાસે હનુમાન કુંડમાં કાર પાર્કિંગ કરવાનો પાસ હતો, પરંતુ તેમની કાર પણજી મોહલ્લાના પાર્કિંગ સ્થળે પહોંચી ગઈ હતી, જ્યાં તેંડુલકરની કારને પાર્કિંગ મળ્યું ન હતું અને તેમની કારને બહાર જ અટકાવી દેવાઈ હતી. તેમની કાર ત્યાં ઘણા સમય સુધી રસ્તાની બાજુએ પડી રહી હતી. સચિનની મુશ્કેલીની જાણ થતાં અધિકારીઓ તુરંત સ્થળ પર દોડી આવ્યા હતા. પ્રાણપ્રતિષ્ઠા બાદ પોલીસ અધિકારીએ સચિનની કાર પાર્ક કરવા અંગે એનાઉન્સમેન્ટ કર્યા બાદ કારને પાર્કિંગમાં જગ્યા મળી.

રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં ભાગ લેવા ઘણી મોટી હસ્તીઓ અયોધ્યા પહોંચી છે. અમિતાભ બચ્ચન, અભિષેક બચ્ચન, પૂર્વ ક્રિકેટર સચિન તેંડુલકર, માધુરી દીક્ષિત રવિવારે અયોધ્યા પહોંચ્યા હતા. આ ઉપરાંત અભિનેત્રી કંગના રનૌત, શેફાલી શાહ, અભિનેતા પવન કલ્યાણ અને રણદીપ હુડ્ડા પણ રવિવારે પહોંચ્યા હતા. જ્યારે પીઢ અભિનેતા રજનીકાંત અને સંગીતકાર શંકર મહાદેવન લખનૌ એરપોર્ટ પહોંચ્યા બાદ તેઓ રોડ માર્ગે અયોધ્યા પહોંચ્યા હતા.

### વડાપ્રધાનના હસ્તે અયોધ્યા રામમંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા

# પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ બાદ વડાપ્રધાને ઉપવાસ તોડ્યા

## નરેન્દ્ર મોદીએ રામલલ્લાને દંડવત કરી પ્રણામ કર્યા બાદ મુખ્ય પૂજારી નૃત્ય ગોપાલ દાસના ચરણ સ્પર્શ કર્યા

અયોધ્યા, તા. ૨૨

અયોધ્યામાં બનેલા ભવ્યાતિભવ્ય રામ મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા વડાપ્રધાન મોદીના હસ્તે કરવામાં આવી હતી. આજે સોમવારે બપોરે ૧૨ કલાક ૨૯ મિનિટ પર અભિજીત મુહૂર્તમાં અયોધ્યામાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન થઈ ગઈ. પીએમ મોદી પણ રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા પહેલા ૧૧ દિવસનું અનુષ્ઠાન કર્યુ હતું. આ અનુષ્ઠાન દરમિયાન તેમણે 'યમ નિયમ' ચુસ્તપણે પાલન કર્યું હતું. આ દરમિયાન શું રહી પીએમ મોદીની દિનચર્યા. અભિજીત મુહૂર્તમાં અયોધ્યામાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન થયા પછી પીએમ મોદીએ રામલલ્લાને દંડવત કરી પ્રણામ કર્યા બાદ રામલલ્લાના મુખ્ય પૂજારી નૃત્ય ગોપાલ દાસના ચરણ સ્પર્શ કર્યા. વડાપ્રધાન મોદીએ પ્રાણ પ્રતિષ્ઠાની વિધિ દરમિયાન રામ લલ્લાની પૂજા-વિધી કરીને ચાંદીનું છત્ર અર્પણ કર્યુ હતું. પ્રાણ પ્રતિષ્ઠા બાદ પીએમમોદીએ સંતો પાસેથી આશીર્વાદ લીધા હતા. સંતોએ તેમને ભેટ તરીકે એક વીંટી આપી હતી. અત્રે મહત્વની વાતે એ છે કે, શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ બાદ પીએમમોદીએ ઉપવાસ તોડ્યો હતો. રામ મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા દરમિયાન વડાપ્રધાન મોદીએ ૧૧ દિવસનું અનુષ્ઠાન કર્યુ હતું. આ ૧૧ દિવસ દરમિયાન તેમણે ચુસ્તપણે યમ નિયમનું પાલન કર્યુ હતું. જેમાં તેઓ રાત્રે ધાબળો ઓઢીને જમીન પર સૂઈ રહેતા હતા, દિવસભર માત્ર નારિયેળ પાણી પીતા હતા. આ ઉપરાંત તેઓ રોજ ગાયોની પૂજા કરીને, ચારો ખવડાતાં હતા. સાથે સાથે રોજ વિવિધ પ્રકારના દાન પણ કરતાં હતાં. જેમ કે અન્ન દાન, વસ્ત્રદાન વગેરે. તેમજ વડાપ્રધાન મોદીએ દેશભરમાં ભગવાન શ્રી રામ સાથે જોડાયેલા હોય તેવા મુખ્ય મંદિરોની મુલાકાત કરી હતી.

પીએમ મોદીએ તેમના ૧૧ દિવસના અનુષ્ઠાન દરમિયાન 'સ્વચ્છ તીર્થ' તરીકેનું અભિયાન પણ શરૂ કર્યું હતું. જેમા ૧૨ જાન્યુઆરીએ તેમણે પોતે નાશિકમાં શ્રી કાલારામ મંદિરના પરિસરની સફાઈ કરી હતી. ત્યાર બાદ તેમના આ 'સ્વચ્છ તીર્થ' અભિયાન અંતર્ગત દેશભરમાં મંદિરોમાં સફાઈ જન આંદોલન શરુ થયા હતા. પીએમમોદીના આ શ્રમદાનનું અનુકરણ કરી દેશભરમાં લાખો લોકો સ્વેચ્છાએ મંદિરોના સફાઈ કાર્યમાં જોડાયા હતા.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# સુરતના રત્ન કલાકારે ૯૯૯૯ હીરાથી રામ મંદિર બનાવ્યું

સુરત, તા. ૨૨

આજે અયોધ્યામાં રામ લલ્લાની પ્રાણપ્રતિષ્ઠાનો કાર્યક્રમ દેશભરમાં ઉજવવામાં આવી રહ્યો છે. દેશમાં ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે. સુરતમાં પણ એક કલાકારે અયોધ્યામાં રામ મંદિરની નયનરમ્ય કલાકૃતિને આકાર આપ્યો છે.

આ કૃતિ બનાવવામાં હીરાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે આ મંદિર નિર્માણમાં ૯૯૯૯ હીરાનો ઉપયોગ કરી છબી તૈયાર કરવામાં આવી છે. એક વાયરલ વીડિયોમાં કલાકાર હીરાની મદદથી મંદિરની છબી બનાવતો જોવા મળી રહ્યો છે.

આજે ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ અયોધ્યામાં ચાલી રહ્યા છે. ભગવાન રામ માટે દેશભરમાંથી મોકલવામાં આવેલી ભેટો પણ અયોધ્યા મોકલવામાં આવી રહી છે. ભક્તોએ હીરાના હાર અને ૧૦૮ ફુટ લાંબી અગરબત્તીઓનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત રામ મંદિરની થીમ સાથેનો હીરાનો હાર પણ બનાવવામાં આવ્યો છે ૪૦ કારીગરોએ ૩૫ દિવસમાં આ નેકલેસ બનાવ્યો છે. સુરતમાં એક કલાકારે અયોધ્યામાં રામ મંદિરની કલાકૃતિ બનાવી છે.

# અમરેલીની વિદ્યાસભા શાળામાં શ્રીરામલલ્લા પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની રંગેચંગે ઉજવણી



શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા – સ્કુલ કેમ્પસમાં આજરોજ ભારતનાં જનજનના હૃદયમાં બિરાજમાન ભગવાન શ્રીરામની પ્રાણ પ્રતિષ્ઠાના પાવન અને ઐતિહાસિક પ્રસંગને વિદ્યાસભા સ્કુલનાં બાલમંદિર તથા પ્રાથમિક વિભાગનાં બાળકોએ અનેરી વેશભૂષામાં ભવ્ય ઉજવણી કરી સૌને મંત્ર મુગ્ધ કર્યા હતા. બાલમંદિર વિભાગ અને ધોરણ–૧ થી ૫ ના વિદ્યાર્થીઓ રામ, લક્ષ્મણ, સીતાજી અને હનુમાનજીની વેશભૂષામાં સુસજજ બની આવકારવા બેન્ડવાજાનાં તાલે અયોધ્યામાં પ્રવેશ કરાવ્યો હતો. શાળા કેમ્પસમાં અયોધ્યાધામ, શબરી આશ્રમ, રામસેતુ, રામજન્મ, રામ–હનુમાનજી મિલાપ વગેરેની થીમનું નિર્માણ કરવામાં આવ્યું હતું. બાળકોએ પણ અયોધ્યામાં બાળક રામને પારણામાં ઝુલાવ્યા હતા. રામ વનવાસ, શબરીના બોર, સાગર પર સેતુ, અયોધ્યામાં પુનઃ આગમન વગેરે પ્રસંગોની ઉમંગ, ઉત્સાહ અને અલૌકિક વાતાવરણમાં ઉજવણી કરી ઉપસ્થિત વાલીઓ અને શિક્ષક, વિદ્યાર્થીઓએ આ અવિસ્મરણીય અનુપમ ક્ષણનાં સાક્ષી બનીને ધન્યતાનો અનુભવ કર્યો હતો. રામધુન તથા રામનાં ભજનોની સતત ગુંજ સાથે રાસ પણ રમ્યા હતા. નયનરમ્ય વાતાવરણમાં ભાવવિભોર બનીને રામની પ્રાણ પ્રતિષ્ઠાના ઐતિહાસિક અવસરમાં સહભાગી બન્યા હતા. આ તકે સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, ડાયરેકટર વસંતભાઈ પેથાણી, શિક્ષક ભાઈ–બહેનો તથા વાલીઓએ સુંદર આયોજન અને વિદ્યાર્થીઓની કૃતિની પ્રશંસા કરી ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા. ઉલ્લાસમય વાતાવરણમાં કાર્યક્રમ સંપન્ન થયો હતો.


### સ્થાનિક પાલિકા તંત્રની ગુનાહિત બેદરકારી

## જાફરાબાદમાં રખડતા પશુઓના લીધે શહેરીજનોમાં ભયનો માહોલ ઉભો થયો

### શહેરીજનોની રજુઆતને ગંભીરતાથી લેવાતી નથી

જાફરાબાદ, તા. ૨૨

જાફરાબાદમાં ઠેર–ઠેર રખડતા ઢોરથી જનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે. હાલ પુલ ઉપરથી રોડ ઉપર ઉભા રહી ટ્રાફી જામ કરાવી લોકોના જીવ તાળવે ચડાવી દેતા આખલાઓ જાહેર રોડ ઉપર થી સ્કુલના બાળકો અવરજવર કરતા હોય મેઈન રોડ કે રાજુલા, ઉના, જતા રોડ ઉપર અડીંગો જમાવી બેઠેલા આખલાઓને કારણે જનતા ભયભીત છતાં વહીવટી તંત્ર ખુદ જાણે છતાં જનતાની કંઈ જ પડી ના હોય તેમ આંખ આડા કાન કરવામાં આવી રહ્યાં હોય તેવી પરિસ્થિતિ જોવી લાગી જ રહ્યું છે. અવાનવાર આખલાઓ જાહેર રોડ ઉપર મુખ્ય બ્રિજ ઉપર વચ્ચોવચ બેઠેલા હોય છે. માર્ગની આવી હાલત હોય તો અન્ય સ્થળોએ તો રખડતા ઢોરોના કારણે વાહનચાલકો અને રાહદારીઓના થતાં મોત અંગે જવાબદાર કોણ? રખડતા પશુઓને જાહેર માર્ગો પરથી દૂર કરવા નાગરિકોને રખડતા ઢોરોના ત્રાસમાંથી મુકિત કયારે ? જાહેર માર્ગો રખડતા ઢોરો રોડ રસ્તા ઉપર ટ્રાફિકથી ધમધમતા રસ્તા પર આ રીતે ઢોરો લટાર મારી રહ્યા હોય પાછલા સમયમાં એવી ઘણી બધી ઘટનાઓ બની છે જેમાં રખડતા ઢોરોને કારણે વાહનચાલકો કે રાહદારીઓને અમુલ્ય જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. રખડતાં ઢોરોના કારણે અવારનવાર થતા લોકોના મોત છતાં પણ તંત્ર ગંભીરતા લેવામાં આવતી નથી જનતા જનાર્દને આ સમસ્યામાંથી મુકિત આપવામાં કોઈ ગંભીર પગલાં ભરાઈ ન રહ્યાનું સ્પષ્ટ પણે દેખાય છે. વિસ્તારોમાં સામે સામે યુધ્ધે સડી બાળકો તથા વૃધ્ધો



નાગરિકો ઉપર હુમલાઓ પણ અવારનવાર થતા હોય અને અમુલ્ય માનવ જીંદગી મોતના મુખમાં હોમાતી હોય છે. તેમજ લોકોના હાથ–પગ પણ ભાંગી નાખતા આ રખડતા ઢોરો અવારનવાર કીમતી વસ્તુઓ જેવી કે ટુ વ્હીલર ફોર વ્હીલર જેવા વાહનોનું પણ નુકસાન થતું હોય છે તથા માર્કેટની અંદર આખલાઓ અવારનવાર પ્રવેશી શાકભાજી વેચનારા પાથરણાવાળા ફ્રુટ વેચનાર લોકોના માલસામાનને પણ મોટા પાયે માલઢોર ખાઈ જતાં હોય છે. અમુક સમયે માર્કેટમાં પણ અંદર ગરી લોકો ઉપર પણ હુમલા કરતા આખલાઓ આવા પણ અગાઉ બનાવ બની ચુકયા છે. રખડતા ઢોરોનો ત્રાસ નાથવા યોગ્ય અને અસરકારક કાર્યવાહી થતી નથી અને કેટલીય નિર્દોષ જનતા અકસ્માત સહિત મોતને ભેટી રહી હોવા છતાં સંવેદનશીલ તંત્રની સંવેદના કેમ જાગતી નથી ? નગરપાલિકામાં સામાન્ય નાગરિકની ફરિયાદ ગંભીરતાથી લેવાતી નથી પણ છતી આંખે દેખાતી જાહેર ગંભીરતા સામે જાફરાબાદ નગરપાલિકા કેમ ગંભીર બનતી નથી ? બંદર ચોક લાઈટ હાઉસ રોડ ઉપર જે કચરાપેટી મૂકવામાં આવી છે તે વેપારી ભાઈઓને નડતરરૂપ છે ની સાંજે સમયે આખલાનું યુદ્ધ થાય છે જેમાં થોડા દિવસ અગાઉ આખલાને યુદ્ધના કારણે વેપારી ભાઈઓને નુકસાન પણ થવા પામેલ છે નગરપાલિકામાં રજૂઆત કરવા છતાં પણ પ્રશ્નનો નિકાલ કરવામાં આવતો નથી. આ કચરાપેટી ત્યાંથી કાઢીને બીજી જગ્યાએ રાખે તેવી વેપારી ભાઈઓની માંગણી છે. અવારનવાર રખડતા ઢોરો ત્રાસ નાથવા તંત્ર વહીવટી તંત્ર અસરકારક કામગીરી કરવામાં આવશે કે પછી હોતા હૈ ચલતા હૈ તેવું અપનાવવામાં આવશે.

### યાર્ડનાં ચેરમેન દીપક માલાણીને રજૂઆત કરાઈ

## સાવરકુંડલાનાં વીજપડી ખાતે સબ માર્કેટયાર્ડ બનાવવા પૂર્વ સરપંચની માંગ

સાવરકુંડલા, તા. ૨૨, સાવરકુંડલા તાલુકાનાં વીજપડી ગામે જીનીંગપ્રેસની ખાલસા થયેલી જમીન પૈકી ત્રણ રૂમનો દીવાની દાવો જે તે સમયે અમરેલી કોર્ટમાં ૧૧૮/૧૭ નંબરથી દાખલ થયેલ જે દાવો સાવરકુંડલા કોર્ટ ટ્રાન્સફર થતાં અત્રેના પ્રીન્સીપલ સીવીલ કોર્ટ દ્વારા વાદીનો દાવો ના મંજુર કરેલ છે. જે અંગેનાં જજમેન્ટની નકલ સાથે પૂર્વ સરપંચ યાકુબ રસભર્યાએ માર્કેટયાર્ડનાં ચેરમેન દીપકભાઈ માલાણીને રૂબરૂ મળીને વીજપડી ખાતે માર્કેટયાર્ડ શરૂ કરવાની વર્ષો જુની માંગણી પુનઃ દોહરાવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે વીજપડી ગામે પૂર્વ સરપંચ યાકુબ રસભર્યાનાં ૨૦૦૭–૧૨નાં સેવાકાળ દરમ્યાન જીનીંગપ્રેસની અંદાજે ચાર વીઘા જમીન ઉપર હેતુ જળવાતો નથી, ભાડાપટ્ટાની મુદ્દત પૂર્ણ થયેલ છે. જમીન ખાલસા થતાં શ્રી સરકાર નોંધ પડેલ છે. પરંતુ અમો કયાં રહેવા જઈએ ? એવી કાનુની તકરાર ઉભી કરીને વાદીએ અમરેલી કોર્ટમાં ત્રણ રૂમ બાબતે જે તે સમયે દીવાની દાવો દાખલ કરેલ, વાદીનો જે દાવો ના મંજુર થતાં આ જમીન ઉપર સાવરકુંડલા માર્કેટયાર્ડ હેઠળ સબયાર્ડ શરૂ કરવાની કામગીરી આગળ ધપાવવા ચેરમેનને રૂબરૂ રજૂઆત કરેલ છે. વર્ષો પહેલાં પૂર્વ સરપંચની લેખિત માંગણી અન્વયે સાવરકુંડલા માર્કેટયાર્ડ દ્વારા વીજપડીમાં સબયાર્ડ શરૂ કરવા ઠરાવ કરીને જમીન સંપાદન કરવા સર્વે ચાર્જ ભરીને કાર્યવાહી શરૂ કરેલ. પરંતુ વિક્ષેપ આવતા સબયાર્ડની કામગીરીમાં વિલંબ થયેલ. જે બાબતે આગળની કાર્યવાહી કરી વહેલાસર વીજપડી ખાતે સબયાર્ડ શરૂ કરવા રજૂઆત કરેલ છે.

## ૨૩ જાન્યુઆરી : નેતાજી સુભાષચંદ્ર બોઝ જન્મજયંતી

### તુમ મુજે ખૂન દો મેં તુમ્હેં આઝાદી દુંગા – સુભાષબાબુ

નેતાજી સુભાષચન્દ્ર બોઝનો જન્મ ૨૩ જાન્યુઆરી, ૧૮૯૭નાં રોજ ઓરિસ્સાનાં કટક શહેરમાં થયો હતો. તેમના પિતાનું નામ જાનકીનાથ બોઝ અને માતાનું નામ પ્રભાવતી હતું. જાનકીનાથ બોઝ કટક શહેરનાં પ્રખ્યાત વકીલ હતા. અંગ્રેજ સરકારે તેમને રાયબહાદુરનો ખિતાબ આપ્યો હતો. પ્રભાવતી અને જાનકીનાથ બોઝને કુલ ૧૪ સંતાનો હતાં, જેમા ૬ છોકરીઓ અને ૮ છોકરાઓ હતા. સુભાષચંદ્ર એમનું નવમું સંતાન અને પાંચમાં પુત્ર હતાં. સુભાષબાબુને પોતાના બધા ભાઈઓમાંથી સૌથી વધારે શરદચંદ્ર સાથે લગાવ હતો. શરદબાબૂ પ્રભાવતી અને જાનકીનાથના બીજા પુત્ર હતા. સુભાષ તેમને 'મેજદા' કહેતા હતા.

શરદબાબૂની પત્નીનું નામ વિભાવતી હતું. બાળપણમાં સુભાષચંદ્ર બોઝ કટકમાં રવેન્શા કાલેજિએટ હાઈ સ્કૂલ નામની પાઠશાળામાં ભણતા હતા. દેશ માટે મરી મીટવાની તેમની અંદરની ભાવના પાઠશાળાનાં દિવસોમાં જ તેમના શિક્ષક વેણીમાધવદાસ દ્વારા ઉજાગર કરાઈ હતી. એમણે જ સુભાષચંદ્ર બોઝમાં રહેલ અંદરની સુપ્ત દેશભકિત જાગૃત કરી.

૨૫ વર્ષની ઉંમરે તેઓ ઘરેથી ભાગીને ગુઢની શોધમાં હિમાલય ચાલ્યા ગયા હતા પરંતુ ત્યારબાદ તેઓ સ્વામી વિવેકાનંદનું સાહિત્ય વાંચી તેમનાં શિષ્ય બની ગયા. તેમની દેશ માટેની લડતની શરૂઆત કોલેજકાળ થી જ શરૂ થઈ ગઈ હતી. કોલકાતાની પ્રેસિડેંસી કાલેજનાં અંગ્રેજ પ્રાધ્યાપક ઓટેનનું ભારતીય વિદ્યાર્થીઓ સાથે વ્યવહાર ઠીક ન હતો. આ માટે સુભાષચંદ્ર બોઝનાંનેતૃત્વમાં મહાવિદ્યાલયમાં હડતાલ કરાઈ હતી.

બોઝને ૧૯૨૧ માં ઈંગ્લેંડમાં તેઓ ભારતીય સિવિલ સેવાની પરીક્ષામાં સફળ રહ્યાં પણ તેમણે અંગ્રેજ સરકારની સેવા કરવાનો ઈન્કાર કર્યો અને રાજીનામું આપી તેઓ પાછા ભારત આવી ગયાં. તેમણે ભારતનાં લોકોમાં ''તુમ મુજે ખૂન દો મેં તુમ્હેં આઝાદી દુંગા'' સૂત્ર આપીને ભારતનાં લોકોમાં આઝાદી માટેની ભૂખ અને જોશ જગાડયા હતા. ઘણા વર્ષો પહેલા હિટલરે ''માઈન કામ્ફ'' નામક પોતાનું આત્મચરિત્ર લખ્યું હતું. આ કિતાબમાં એમણે ભારત અને ભારતીય લોકોની બુરાઈ કરી હતી. આ વિષય પર



સુભાષબાબૂએ હિટલર સમક્ષ પોતાની નારાઝગી વ્યકત કરી ત્યારે હિટલરે પોતાના કાર્ય પર માફી માંગી અને માઈન કામ્ફની આવનારી આવૃત્તીમાંથી એ પરિચ્છેદ કાઢી નાખવાનું વચન દીધું. એમને જર્મનીમાં 'ભારતીય સ્વતંત્રતા સંગઠન' અને 'આઝાદ હિંદ રેડિયો'ની સ્થાપના કરી. એ જ વખતે સુભાષબાબૂ, ''નેતાજી'' નામથી જાણીતા થયા. દ્વિતીય વિશ્વયુદ્ધ પછી ૧૮ ઓગસ્ટ, ૧૯૪૫ ના રોજ નેતાજી હવાઈ જહાજથી માંચુરિયા તરફ જઈ રહ્યા હતા. આ સફર દરમિયાન તેઓ લાપતા થઈ ગયા ત્યારબાદ તેઓ કોઈને કયારેય નજર ન આવ્યા.

૨૩ ઓગસ્ટ, ૧૯૪૫ના રોજ જાપાન ની 'દોમેઈ' ખબર સંસ્થાએ દુનિયાને ખબર આપી, કે ૧૮ અગસ્ત ૧૯૪૫નાંરોજ, નેતાજીનું હવાઈ જહાજ તાઈવાનની ભૂમિ પર દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયુ જેમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થતા નેતાજીને અસ્પતાલમાં લઈ જવાયા જયાં તેમણે અંતિમશ્વાસ લીધો. દુર્ઘટનાગ્રસ્ત હવાઈ જહાજમાં નેતાજીની સાથે એમના સહકારી કર્નલ હબિબૂર રહમાન હતા. એમણે નેતાજીને બચાવવાનો પ્રયત્ન કર્યો , પણ તેઓ સફળ ન રહ્યા પછી નેતાજીની અસ્થીયોને જાપાનની રાજધાની ટોકિયોમાં રેનકોજી નામક બોદ્ધ મંદિરમાં રાખવામાં આવી. હકીકતમાં ૧૮ ઓગસ્ટ, ૧૯૪૫નાં દિવસે નેતાજી કયાં લાપતા થઈ ગયા અને એમનું આગળ શું થયું.

આ ભારતનાં ઈતિહાસનો સૌથી મોટો અનુત્તરીત રહસ્ય બની ગયો છે. નેતાજીનું યોગદાન અને પ્રભાવ એટલો મહાન હતો કે એવું કહેવામાં આવે છે કે જો તે સમયે નેતાજી ભારતમાં હોત તો કદાચ ભારત એક સંઘ રાષ્ટ્ર બન્યુ હોત સ્વયં ગાંધીજીએ પણ આ વાતનો સ્વીકાર કર્યો હતો.

તુમ મુજે ખૂન દો મેં તુમ્હેં આઝાદી દુંગા – સુભાષબાબુ

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### માર્ગ સલામતી માસની ઉજવણીનાં ભાગરૂપે

## કોવાયા ખાતે ટ્રક ડ્રાઈવરો માટે જિલ્લા ટ્રાફિક શાખા તથા આર.ટી.ઓ. દ્વારા ટ્રાફિક અવેરનેસ સેમિનાર

### બહોળી સંખ્યામાં ટ્રક ડ્રાઈવરો ઉપસ્થિત રહ્યા

અમરેલી, તા.૨૨

સરકાર દ્વારા વાહન અકસ્માતો વાહન અકસ્માતો ઉપર અંકુશ લાવવા અને ટ્રાફિક નિયમોની સુયોગ્ય અમલવારી માટે વાહન અકસ્માતો ઉપર અંકુશ લાવવા અને ટ્રાફિક નિયમોની સુયોગ્ય અમલવારી માટે તા.૧૫/૧/૨૪ થી તા.૧૪/૦૨/૨૪ સુધી માર્ગ સલામતી માસની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ હોય,અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લામાં કોવાયા મુકામે આવેલ અલ્ટ્રાટ્રેક સિમેન્ટ કંપનીમાં અમરેલી જિલ્લા ટ્રાફિક શાખા તથા આર.ટી.ઓ. કચેરી અમરેલી દ્વારા ટ્રાફિક અવેરનેસ સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. આ ટ્રાફિક અવેરનેસ સેમિનારમાં સિમેન્ટ કંપનીમાં ડ્રાઈવર તાલીમ કેન્દ્ર ખાતે ટ્રક ડ્રાઈવરોને અમરેલી જિલ્લા ટ્રાફિક પોલીસ સબ ઈન્સ્પે.વી.વી.ગોહિલ તથા આર.ટી.ઓ.




ઈન્સ્પેકટર એમ.વી.શાહ દ્વારા ટ્રાફિકના નિયમો અંગે જાણકારી આપવામાં આવેલ અને માર્ગ સુરક્ષા માટે કયા કયા નિયમો અને કાયદાનું પાલન કરવાનું છે તે અંગે માર્ગદર્શન આપવામાં આવેલ હતું.આ સેમિનાર દરમ્યાન ટ્રાફિકના નિયમો અને માર્ગ સલામતી અંગે પ્રશ્નોત્તરીની સ્પર્ધા પણ રાખવામાં આવેલ હતી.અને પ્રશ્નોના સાચા ઉત્તર આપનાર ડ્રાઈવરોને સેફટી હેલમેટ,સેફટી જેકેટ સહિતના ઉપહારો આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ હતાં. આ પ્રસંગે કંપનીના વાહનો ચલાવતા ડ્રાઈવરોએ બહોળી સંખ્યામાં હાજર રહી આ સેમિનારનો લાભ લીધેલ હતો.

### સ્થાનિક પોલીસ ખરા સમયે મદદે આવી


## અરે વાહ : ખાંભાનાં 3 વિદ્યાર્થીઓને સમયસર પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચાડાયા

### બાળકો પરીક્ષા કેન્દ્રને લઈને ગૂંચવાયા હતા

અમરેલી, તા. ૨૨

ખાંભા ગામે યોજાયેલ જવાહર નવોદયની પરીક્ષા પ્રવેશ પરિક્ષા આપવા ગયેલા ત્રણ વિદ્યાર્થીનીઓને સમયસર કેન્દ્ર ઉપર પહોંચાડી ખાંભા પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરાવામાં આવી હતી. આ બનાવમાં આજે ખાંભા શહેરમાં જવાહર નવોદય વિદ્યાલયની પ્રવેશ પરિક્ષા યોજાયેલ હતી. જેમાં ખાંભા પોલીસ દ્વારા બંદોબસ્ત ગોઠવાયેલ હોય તે દરમિયાનત્રણ વિદ્યાર્થિનીઓને તેનાં વાલી ભુલથી જે.એન. મહેતા હાઈસ્કૂલ ખાતે પરીક્ષા આપવા માટે ઉતારી જતા રહેલ.

પરંતુ વિદ્યાર્થીનીઓને પરીક્ષા આપવા માટેનુ કેન્દ્ર બીજુ હતું



અને વિદ્યાર્થીઓએ પરિક્ષા કેન્દ્ર જોયેલ પણ ન હોવાથી ખાંભા પોલીસ સ્ટાફ ધ્વારા ત્રણેય વિદ્યાર્થીનીઓને પોતાના બાઈક ઉપર બેસાડી તેમનાં ક્રિષ્ના સ્કૂલ ખાતે આવેલ પોતાના પરિક્ષા કેન્દ્ર ઉપર સમયસર પહોંચાડી ખાંભા પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી હતી.

# બગસરા : અયોધ્યામાં શ્રીરામ જન્મભૂમિની પ્રાણ–પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત બાઈક રેલી યોજાઈ



બગસરામાં અયોધ્યામાં શ્રીરામ જન્મભૂમિની પ્રાણ–પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત બગસરા રામદેવપીર મંદિર છે ભવ્ય બાઈક રેલી નીકળી હતી. જેમાં સમગ્ર બગસરા બંધ પાળીને આ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ગોકુળપુરા પટેલ વાડી થઈને શિવાજી ચોક ગોંડલીયા ચોક વિજય ચોક સહિત બગસરાના મુખ્ય માર્ગો પર આ બાઈક રેલી પસાર થઈ હતી અને જય જય શ્રી રામના નારા સાથે આ બાઈક રેલી સમગ્ર બગસરામાં ફરી હતી.

# શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરનો ભૂમિપૂજન સમારોહ શ્રી ખોડલધામ મંદિરે યોજાયો




શ્રી ખોડલધામ ટ્રસ્ટ–કાગવડના ઈતિહાસનો સુવર્ણ દિવસ એટલે કે ૨૧ જાન્યુઆરી. આ ઐતિહાસિક દિવસે શ્રી ખોડલધામ ટ્રસ્ટ–કાગવડ દ્વારા સમાજસેવાની સુવાસ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે હંમેશા પ્રયાસો કરવામાં આવતા હોય છે. ત્યારે આ વર્ષે ૨૧ જાન્યુઆરી ૨૦૨૪ના પાવન દિવસે શ્રી ખોડલધામ ટ્રસ્ટ–કાગવડ દ્વારા રાજકોટ શહેરથી ૨૦ કિલોમીટર દૂર પડધરી તાલુકાના અમરેલી ગામે સર્વ સમાજના લાભાર્થે નિર્માણ પામનાર શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરનું ભૂમિપૂજન કરવામાં આવ્યું. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યૂઅલ ઉપસ્થિતિમાં અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખભાઈ માંડવિયા અને શ્રી ખોડલધામ ટ્રસ્ટ–કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલની હાજરીમાં શ્રી ખોડલધામ મંદિર કાગવડ ખાતે શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરનો ભવ્યાતિભવ્ય ભૂમિપૂજન સમારોહ યોજાયો હતો. ૨૧ જાન્યુઆરીએ સવારે ૭ કલાકે લોકડાયરા સાથે કાર્યક્રમની શરૂઆત થઈ હતી. લોકડાયરામાં સમાજના ૨૭ જેટલા કલાકારોએ હાસ્યરસ, સાહિત્યરસ અને ભજનની રમઝટ બોલાવી હતી. ત્યારબાદ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખભાઈ માંડવિયાનું નરેશભાઈ પટેલ અને ટ્રસ્ટીની ઉપસ્થિતિમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગટય કરાયું હતું. દિપ પ્રાગટય બાદ દીકરીઓ દ્વારા ગણેશ સ્તુતિની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ ભૂમિપૂજન સમારોહમાં હાજરી આપવા ખોડલધામના આંગણે પધારેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખભાઈ માંડવિયાનું નરેશભાઈ પટેલ અને અન્ય ટ્રસ્ટીઓ દ્વારા સન્માનપત્ર અને પુષ્પમાળા પહેરાવીને સન્માન કરાયું હતું. આ સાથે જ સમારોહમાં ઉપસ્થિત વિવિધ મંચસ્થ મહેમાનોનું પણ ટ્રસ્ટીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરના આ ભૂમિપૂજન સમારોહમાં સર્વ સમાજની દીકરીઓના હસ્તે કરવામાં આવેલા ભૂમિપૂજનની વીડિયો કિલપ દર્શાવવામાં આવી હતી. ત્યારબાદ ધ્રોલ કન્યા છાત્રાલયની બાળાઓ દ્વારા સરસ મજાની મા ખોડલના રથ સાથેની લાઈવ પ્રસ્તુતિ રજુ કરવામાં આવી હતી. નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજે ખોડલધામને સાત વર્ષ પૂરા થવા જઈ રહ્યા છે. ૨૧/૧/૨૦૧૭ના રોજ મા ખોડલની પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે ખોડલધામના સંકલ્પ પૈકીનો એક સંકલ્પ એટલે આરોગ્ય. હાલ દેશ અને વિમાં માનવજાતિને સૌથી વધુ સ્પર્શનાર રોગ કેન્સર છે. ત્યારે ખોડલધામે નિર્ણય લીધો કે એક ખૂબ જ અદ્યતન અને સર્વ સમાજ માટે કેન્સર હોસ્પિટલનું નિર્માણ કરવું. ત્યારે રાજકોટ નજીક ૪૨.૫ એકર જગ્યામાં સર્વ સમાજ માટે એક છત નીચે તમામ નિદાન અને સારવાર મળે તે માટેની કેન્સર હોસ્પિટલનું આજે ભૂમિપૂજન કરાયું છે. આ પ્રસંગે મા ખોડલને પાર્થના કરૂં કે આ કેન્સર હોસ્પિટલના નિર્માણ કાર્યમાં ગુજરાત સરકાર, ભારત સરકાર અને સૌ લોકોનો સાથ સહકાર મળે અને ઝડપથી આ કેન્સર હોસ્પિટલ પૂર્ણ કરી લોકોની સેવામાં અર્પણ કરીએ. શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરના ભૂમિપૂજન સમારોહમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વર્ચ્યૂઅલી જોડાયા હતા. તેમણે વર્ચ્યૂઅલી સંબોધનમાં શ્રી ખોડલધામ મંદિરે રૂબરૂ આવવાની ઈચ્છા પ્રગટ કરી હતી. વડાપ્રધાને કહ્યું કે, આ વિશેષ અવસરે ખોડલધામની પાવન ભૂમિ અને મા ખોડલના ભકતો સાથે જોડાવું એ મારા માટે સૌભાગ્યની વાત છે. જનકલ્યાણ અને સેવાના ક્ષેત્રમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટે આજે એક વધુ મહત્વનું પગલું ભર્યું છે. શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ અને રિસર્સ સેન્ટરના નિર્માણ કાર્ય માટે વડાપ્રધાને ટ્રસ્ટને શુભકામના પાઠવી હતી અને જણાવ્યું હતું કે, આજથી ૧૪ વર્ષ પહેલા શ્રી ખોડલધામ ટ્રસ્ટની સ્થાપના વખતે લેઉવા પાટીદાર સમાજે સેવા, સંસ્કાર અને સમર્પણનો સંકલ્પ લઈને ટ્રસ્ટની સ્થાપના કરી હતી. ત્યારથી લઈને આજ સુધી શ્રી ખોડલધામ ટ્રસ્ટે સેવાકાર્યોથી લાખો લોકોનું જીવન બદલવાનું કામ કર્યું છે. શિક્ષણ, કૃષિ અને સ્વાસ્થ્ય એમ તમામ દિશામાં આપના ટ્રસ્ટે સારૂં કાર્ય કરવાનો સતત પ્રયાસ કર્યો છે. વડાપ્રધાને જણાવ્યું કે મને વિાસ છે કે અમરેલીમાં બનવા જઈ રહેલી કેન્સર હોસ્પિટલ સેવા ભાવનાની મિશાલ બનશે. આ કેન્સર હોસ્પિટલના નિર્માણથી સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોને ફાયદો મળશે. અંતમાં વડાપ્રધાને કહ્યું કે, અમરેલી ગામે બનવા જઈ રહેલી કેન્સર હોસ્પિટલ સર્વસમાજની સેવાનું ઉદાહરણ બનશે. સાથે જ આ કાર્ય બદલ શ્રી ખોડલધામ ટ્રસ્ટને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરના ભૂમિપૂજન પ્રસંગે ઉપસ્થિત ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, ભગવાન રામચંદ્રજીની પ્રાણ પ્રતિષ્ઠાના પૂર્વ દિવસે આસ્થાના કેન્દ્ર સમાન કાગવડની ધરા પર સ્થિત ખોડલધામ મંદિરનો સાતમો પાટોત્સવ આજે ઉજવાઈ રહ્યો છે. ગુજરાતનું એકમાત્ર મંદિર છે જેના પ્રવેશદ્વાર પર દરરોજ રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવે છે. દીકરીઓના હસ્તે કેન્સર હોસ્પિટલનું ભૂમિપૂજન થયું છે અને સમાજ સેવા માટે દાતાઓ દ્વારા દાનની સરવાણી અને જે પણ સેવા મળી રહી છે તે બધું જ માતાજીના આશીર્વાદના ફળ સ્વરૂપે મળી રહ્યું છે. ખોડલધામના પ્રણેતા નરેશભાઈ પટેલ અને ટીમ હવે આરોગ્યધામના પ્રેરક બન્યા છે તે આપણા સૌ માટે આનંદની વાત છે. ઈરીય મદદ મળે ત્યારે જ આવા ભવ્ય આયોજનો પાર પડતાં હોય છે. ખોડલધામ મંદિરે માત્ર પાટીદાર જ નહીં પરંતુ સૌરાષ્ટ્ર અને ગુજરાતના માઈ ભકતોની આધ્યાત્મિક ચેતનાને નવી ઊર્જા આપી છે. ખોડલધામે સેવાકીય પ્રવૃત્તિથી જન સેવા એ જ પ્રભુ સેવાનો ધ્યેય સાકાર કર્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખભાઈ માંડવિયાએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે, કેન્સરના દર્દીઓ દિવસે દિવસે વધી રહ્યા છે. આ રોગ થવા માટે વ્યસન ઘણા અંશે જવાબદાર હોય વ્યસનમુકત બનીને સ્વસ્થ સમાજનું નિર્માણ કરવા તેઓએ હાકલ કરી હતી. મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું હતું કે, સ્વસ્થ સમાજ જ વિકસિત ભારતનું નિર્માણ કરી શકે. નરેશભાઈ પટેલ અને સમગ્ર ખોડલધામની ટીમને અભિનંદન પાઠવતા મનસુખભાઈ માંડવિયાએ કહ્યું કે, સૌરાષ્ટ્ર વિસ્તારમાં કેન્સરના દર્દીઓને ઉત્તમ સારવાર મળે તે માટેનો આ પ્રયાસ સરાહનીય છે. આરોગ્યનો આ મહત્વનો પ્રકલ્પ શરૂ કરવા બદલ સમગ્ર ટીમને હું અભિનંદન પાઠવું છું. આરોગ્યની સેવા એ ઉત્તમ સેવા છે. આ પ્રસંગે રાજયના કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, નરેશભાઈ પટેલ અને તેમની સમગ્ર ટીમે જે રીતે સમાજને આધ્યાત્મિક, શૈક્ષણિક અને આર્થિક ઉત્થાન માટે મા ખોડલના નેજા હેઠળ ભગીરથ કાર્ય કર્યુ છે તેને હું ખૂબ ખૂબ અભિનંદનપાઠવું છું. આપના દ્વારા જે કેન્સર હોસ્પિટલનું ખૂબ મોટું કાર્ય થવા જઈ રહ્યું છે તેનાથી સર્વ સમાજના દર્દીઓની ખૂબ મોટી સેવા થશે. આ ભૂમિપૂજન સમારોહમાં સમાજના દાતાઓ, શ્રી ખોડલધામ ટ્રસ્ટ–કાગવડના ટ્રસ્ટીઓ, શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન–રાજકોટના ટ્રસ્ટીઓ, શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન– વેરાવળ સોમનાથના ટ્રસ્ટીઓ, રાજકીય, સામાજિક અગ્રણીઓ, વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, શ્રી ખોડલધામ ટ્રસ્ટ–કાગવડની વિવિધ સમિતિઓ જેમ કે, શ્રી ખોડલધામ મુખ્ય સમિતિ, શ્રી ખોડલધામ મહિલા સમિતિ, શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ, શ્રી ખોડલધામ શિક્ષણ પાંખ, શ્રી ખોડલધામ લીગલ સમિતિ, શ્રી ખોડલધામ મીડિયા સમિતિ, શ્રી ખોડલધામ કલાકાર સમિતિ સહિતની અન્ય સમિતિઓના કન્વીનરો, સહ કન્વીનરો, કાર્યકરો, વિવિધ સોશિયલ ગ્રુપના હોદ્દેદારો–સભ્યો, અટકથી ચાલતા પરિવારના હોદ્દેદારો–સભ્યો, વિવિધ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના હોદ્દેદારો–સભ્યો, વિવિધ સામાજિક સંસ્થાના હોદ્દેદારો–સભ્યો અને મોટી સંખ્યામાં સર્વ સમાજના ભાઈઓ–બહેનોએ હાજરી આપી હતી. સમારોહના અંતે સૌને મા ખોડલનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. શ્રી ખોડલધામ મંદિર કાગવડ ખાતે યોજાયેલા કેન્સર હોસ્પિટલના ભૂમિપૂજન સમારોહમાં ૭૦૦ વીઘામાં અલગ અલગ દિશામાં ૬ વિશાળ પાર્કિંગ તૈયાર રાખવામાં આવ્યા હતા. આ ઉપરાંત પાર્કિંગથી લઈને સભાખંડ સુધી લોકોને પહોંચવામાં કોઈ અગવડ ન પડે તે માટે ૪ હજાર જેટલા સ્વયંસેવકોએ જવાબદારી નિભાવી હતી અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું
## કુંકાવાવનાં પ્રથમ નાગરિક ગણાતા

કરતી એક ૨૬ વર્ષિય પરિણીતાએ પોતાના ઈન્સ્ટાગ્રામ ઉપરથી આરોપી સરપંચ અને નિવૃત્ત ફૌજીના ઈન્સ્ટાગ્રામ Sanjay_ak 47 આઇ.ડી. ઉપર ‘ કોંગ્રેચ્યુલેશન ભાઇ’નો મેસેજ કર્યા બાદ આ સરપંચ અને નિવૃત્ત ફૌજી તથા ભોગ બનનાર પરિણીતા વચ્ચે સામાન્ય મેસેજ કરી વાતચીત શરૂ થયા બાદ આરોપી સરપંચ અને નિવૃત્ત ફૌજીએ ભોગ બનનાર પરિણીતાને કહેલ કે તું મને એકાતમાં મળવા આવ અને જો તું મને મળવા નહી આવે તો તારી અને મારી વચ્ચે થયેલ વાતચીત હું તારા પતિને બતાવીશ. તેમ કહેતા ભોગ બનનાર પરિણીતાને પોતાનો ઘર સંસાર ભાંગવાની બીકના કારણે આરોપીએ બોલાવ્યા મુજબ ગત તા. ૧/૯/૨૨ ના રોજ રૂબરૂ મળતા આરોપીએ તેણીને તેની ગાડીમાં મને બેસાડી અને ધારી લીયોનીયા રીસોર્ટ ખાતે લઇ ગયેલ હતો.

આ દરમ્યાન રસ્તામાં તેણીને માઝા સોડા પીવડાવી અને હોટલના રૂમમાં લઇ ગયો હતો અને તેણીએ સોડા પીધેલ હોવાથી બેશુધ્ધ થઇ ગયેલ હોવાથી આરોપીએ શરીર સંબંધ બાંધી અને તેણીના નિર્વસ્ત્ર ફોટા પોતાના મોબાઇલમાં પાડી લઈ અને બાદમાં તેણીને કહેલ કે જો તું આ બનાવ બાબતે કોઇને જાણ કરીશ તો તારા આ નિર્વસ્ત્ર ફોટા સોશ્યલ મીડીયામાં શેર કરીશ તેવી ધમકી આપી હતી.

ત્યાર બાદ આરોપીએ તેણીનો મજબુરીનો લાભ ઉઠાવી અને ભોગ બનનાર પરિણીતા સાથે આરોપી સરપંચે બે વખતે ધારી ખાતે આવેલ લીયોનીયા રીસોર્ટમાં શરીર સંબંધ બાંધી તેમજ એક વખત સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્ય કરેલ હતું.

ત્યાર બાદ ગત તા. ૨૦/૧૨/૨૩ ના રોજ આરોપીએ ભોગ બનનાર પરિણીતાને રાજકોટ શહેરમાં આવેલ કાવ હોટલની રૂમમાં લઇ જઇ અને તેણીની મરજી વિરૂધ્ધ બે વખત શરીર સંબંધ બાંધેલ હતો.

બાદ આરોપીએ સોશ્યલ મીડીયામાં તેણીને કીસ કરતો હોય તેવા તથા તેણીને બથમાં ભરીને ઉભો હોય તેવા ફોટા શેર કરી અને તેણીના નિંવસ્ત્ર ફોટાઓ આરોપીએ પોતાના મોબાઈલ ફોનમાં પાડેલ હોય, જે બાબતે ભોગ બનનાર પરિણીતાના પતિએ આરોપીને ઠપકો આપતા આરોપી સરપંચે તેણીના પતિને ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ ભોગ બનનાર પરિણીતાએ કુંકાવાવ ગ્રામ પંચાયતના સરપંચ સંજયભાઈ વિરજીભાઈ લાખાણી સામે વડિયા પોલીસમાં નોંધાવતા અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પો.ઈન્સ. ટી.એચ. પટેલે વધુ તપાસ હાથ ધરી છે.

પાના ૧ ઉપરનું ચાલું
## આજથી સામાન્ય લોકો

સામાન્ય પણે ભક્તોના દર્શન માટે સવારે ૭:૦૦થી ૧૧:૩૦ કલાક સુધી અને તે પછી બપોરે ૨:૦૦ કલાકથી સાંજે ૭:૦૦ કલાક સુધી ખુલ્લું રહેશે. વચ્ચેના અઢી કલાક પ્રભુને આરામ માટે દર્શન બંધ રાખવામાં આવશે.

ભક્તોને આરતીમાં ભાગ લેવા માટે પાસની જરૂર પડશે. શ્રી રામમંદિર ટ્રસ્ટ તરફથી જ પાસ આપવામાં આવશે. પાસ માટે આઈડી-પ્રુફ જરૂરી છે. એક સમયે ફક્ત ૩૦ લોકો જ આરતીમાં ભાગ લઈ શકશે.

રામમંદિરમાં રામલલ્લાની આરતી દિવસમાં ૩ વાર થશે. વહેલી સવારે ૬:૩૦ કલાકે, જાગરણ અથવા શ્રૃંગાર આરતી, બપોરે ૧૨ કલાકે ભોગ આરતી, તે પછી સાંજે ૭:૩૦ કલાકે સંધ્યા આરતી થશે.

હાલ તો દર્શન માટે કોઈ ચાર્જ આપવો પડતો નથી. દર્શન મફત છે. પરંતુ આરતીમાં ભાગ લેવા માટે પાસ લેવો જ પડશે. પાસ ધરાવતા લોકોને જ આરતીમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવશે.

રેલ, બસ અને હવાઈમાર્ગ- આ ત્રણ રસ્તેથી અયોધ્યા પહોંચી શકાશે. અયોધ્યા રેલવે સ્ટેશનથી મંદિર માત્ર ૫ કિમી દૂર છે, મહર્ષિ વાલ્મિકી એરપોર્ટથી મંદિરનું અંતર ૧૭ કિમી છે. એ સિવાય લખનૌ એરપોર્ટથી પણ મંદિર જઈ શકાશે, જો કે ૧૬૦ કિમીનું અંતર કાપવું પડશે.

પાના ૧ ઉપરનું ચાલું
## અયોધ્યા ખાતે શ્રી રામ મંદિરમાં

આદિત્યનાથ, રાજ્યપાલ આનંદીબેન પટેલ અને આરએસએસના વડા મોહન ભાગવતની ઉપસ્થિતિમાં અનુષ્ઠાન પૂર્ણ થયું. આ તમામ યજમાનોએ રામલલાની આરતી ઉતારી હતી.

રામ મંદિરના ગર્ભગૃહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રાણ પ્રતિષ્ઠા વિધિમાં ભાગ લીધો હતો. અહીં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રાણ પ્રતિષ્ઠા માટે પૂજા-અર્ચના કરી હતી. તેમની સાથે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવત, રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ હાજર રહ્યા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક્સપર લખ્યું હતું કે, અયોધ્યા ધામમાં શ્રી રામ લલાની પ્રાણ પ્રતિષ્ઠાની અલૌકિક ક્ષણ સૌ કોઈને ભાવ-વિભોર કરનાર છે. આ દિવ્ય કાર્યક્રમનો ભાગ બનવું મારું પરમ સૌભાગ્ય છે. જય સિયારામ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રામ મંદિર પરિસર પહોંચ્યા હતા. રાજ્યપાલ આનંદીબહેન પટેલ અને મુખ્યમંત્રી યોગીએ તેમનું સ્વાગત કર્યું હતું. ૧૨:૩૦ વાગ્યે પ્રાણ પ્રતિષ્ઠાની પ્રક્રિયા શરૂ થઈ હતી. રામમંદિરના પ્રાંગણમાં બોલિવૂડ, ક્રિકેટ, રાજકારણ, ઉદ્યોગ એમ તમામ ક્ષેત્રના આમંત્રિત મહેમાનો પહોંચી ગયા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સહિત સંત સમાજ અને વિશેષ અતિથિઓની હાજરીમાં રામલલાના શ્રીવિગ્રહની પ્રાણ પ્રતિષ્ઠાનું ઐતિહાસિક અનુષ્ઠાન આજે સંપન્ન થયું. અયોધ્યા નગરીને હજારો ક્વિંટલ ફૂલ અને લાઈટો વડે કોઈ દુલ્હનની જેમ શણગારાઈ હતી.

આજે અયોધ્યામાં નવનિર્મિત રામ મંદિરમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા માટે ૮૪ સેકન્ડનું ખૂબ જ ટૂંકા ગાળાનું શુભ મુહૂર્ત હતું, જેમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા થઈ. તેમાં કાશીના જ્યોતિષાચાર્ય પંડીત ગણેશ્વર શાસ્ત્રી દ્રવિડે જે મુહૂર્તની પસંદગી કરાઈ હતી. આ શુભ મુહૂર્ત માત્ર ૮૪ સેકન્ડનું હશે જે ૧૨.૨૯ મિનિટ ૮ સેકન્ડથી ૧૨.૩૦ મિનિટ ૩૨ સેકન્ડનું જ હતું.

આ પ્રાણ પ્રતિષ્ઠામાં ૧૨૧ આચાર્યો હતા, જેમણે મહોત્સવની તમામ વિધિઓનું સંચાલન કર્યું. વારાણસીના ગણેશ્વર શાસ્ત્રી દ્રવિડ તમામ પ્રક્રિયાઓનું નિરીક્ષણ, સંકલન અને માર્ગદર્શન કર્યું અને કાશીના લક્ષ્મીકાંત દીક્ષિત મુખ્ય આચાર્ય હતા. આ ઉપરાંત પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, આરએસએસના સરસંઘચાલક મોહન ભાગવત, ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું
## ભાજપના કાર્યાલયનો આજથી પ્રારંભ

ભીડભંજન મહાદેવ મંદિર રોડ, ડો.ગાંધીના દવાખાના સામે, અમરેલી ખાતે ઉદ્‌ઘાટન કરવામાં આવશે.

આ ઉદ્‌ઘાટન પ્રસંગે કેન્દ્રીય મંત્રી પરશોત્તમભાઈ રૂપાલા, ઈફકો ચેરમેન દિલીપભાઈ સંઘાણી, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, અમરેલી સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, હીરાભાઈ સોલંકી, જે.વી. કાકડીયા, જનકભાઈ તળાવીયા, જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, પૂર્વ ધારાસભ્યો, પૂર્વ પ્રમુખ સહિતના આગેવાનોની ઉપસ્થિતિ રહેશે.

અમરેલી લોકસભા મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહેવા અમરેલી શહેરના દરેક ચુંટાયેલા પ્રતિનિધિઓ, સંગઠનના હોદ્દેદારો, મંડલ મોરચાનાં હોદ્દેદારો, શકિત કેન્દ્રનાં સંયોજકો અને કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા નિમંત્રણ અપાયા છે.

# લીલીયા મોટા ખાતે વિશાળ શોભાયાત્રા મુખ્ય માર્ગો પર ફરી



આજે અયોધ્યામાં ભગવાન શ્રીરામચંદ્રજીની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પર્વને લઈ લીલીયા શહેરમાં અયોધ્યા ઉત્સવ સમિતિ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. જેમાં વહેલી સવારથી રામમંદિર ખાતે વિશેષ પૂજાનું આયોજન કરવામાં આવેલ. બપોરના ૧૨ કલાકે ૫૬ ભોગ દર્શન અને મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ. બપોર બાદ રામજી મંદિર ખાતેથી ભવ્ય શોભા યાત્રાનો ઢોલનગારા અને ડી.જે.ના તાલે પ્રારંભ કરવામાં આવેલ. શોભાયાત્રામાં સાંસદ નારણભાઈ કાછડીયા તેમજ વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા સહિત રાજકીય આગેવાનો અને રામભકતો હજારોની સંખ્યામાં ભાઈઓ અને બહેનો જોડાયા હતા. સમગ્ર શહેર રામમય બન્યું હતું. સમગ્ર શહેરમાં કેસરિયો માહોલ વચ્ચે જય શ્રીરામના નારાઓથી શહેર ગુંજે ઉઠયુ હતું. સવારથી શહેરના તમામ વેપારીઓ શાકભાજી ફ્રૂટના લારી અને તમામ રત્ન કલાકારો, વેપાર, ધંધા, સ્વયંભૂ બંધ રાખી ઉત્સવમાં જોડાયા હતા. શોભાયાત્રા સંપન્ન થયા બાદ સમુહ પ્રસાદનું આયોજન કરવામાં આવે અને કૂતરાને લાડવા અને પશુઓને ઘાસચારો નાખવામાં આવેલ સ્થાનિક પોલીસ પીએસઆઇ એસ.આર. ગોહિલ અને પોલીસકર્મીઓ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવેલ. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# બાબરા ખાતે ભગવાનશ્રી રામની ભવ્ય અને દિવ્ય શોભાયાત્રા યોજાઈ



બાબરા : અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે ભગવાન શ્રી રામની ભવ્ય અને દિવ્ય શોભાયાત્રા નીકળી અમરાંપરા રામજી મંદિરથી શહેરના વિવિધ રાજમાર્ગોમાં પસાર થઈ તાપડીયા આશ્રમ ખાતે સમૂહ આરતી કરી શોભાયાત્રાનું સમાપ્ન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રામાં ધારાસભ્ય સહિત સ્થાનિક રાજકીય અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં હિંદુઓ જોડાયા હતા. શોભાયાત્રાના રૂટ દરમિયાન દાઉદી વ્હોરા સમાજ દ્વારા ઠંડા પાણી તેમજ શરબતનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાબરામાં ભગવાન શ્રી રામની ભવ્ય શોભાયાત્રાનું આયોજન સ્થાનિક હિન્દૂ સંગઠન દ્વારા કરવામાં આવ્યું હતું અયોધ્યામાં ભગવાન શ્રી રામની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે ભવ્ય અને દિવ્ય શોભાયાત્રા યોજાય હતી તાપડીયા આશ્રમના મહંત પૂજય ઘનશ્યામ દાસબાપુ તેમજ મોટા રામજી મંદિર મહંત પૂજય દેવકીનંદન બાપુના રૂડા આશીર્વાદ આયોજિત ભગવાન શ્રી રામની શોભાયાત્રા વિશાલ યોજાય હતી. અહીં અમરાંપરા ખાતે આવેલ શ્રી રામ મંદિરથી શોભાયાત્રાનું પ્રસ્થાન બપોરે ત્રણ કરવામાં આવ્યું હતું જે નાના બસ સ્ટેન્ડ થઈ સરદાર સર્કલ તેમજ ધરાપરા,શિવાજી ચોક,નાગરિક બેન્ક ચોક, કાંકરિયા ચોરા, થઈ તાપડીયા આશ્રમ ખાતે સમૂહ આરતી બાદ સમાપન કરવામાં આવી હતી. ભગવાન શ્રી રામ ની ભવ્ય શોભાયાત્રા દરમિયાન બાબરા પોલીસ દ્વારા પૂરતો બંદોબસ્ત જાળવવામાં આવ્યો હતો

### ધારાસભ્ય જનકભાઈ તળાવિયાનાં અધ્યક્ષ સ્થાને

## બાબરા તાલુકાનાં નાની કુંડળથી ઈતરીયા ડામર રોડનાં ખાતમુહુર્તનો કાર્યક્રમ વિધિવત રીતે સંપન્ન

### રૂપિયા ૨ કરોડ ૯૨ લાખનાં ખર્ચે નાની કુંડળ-ઈતરિયા રોડ બનાવવામાં આવશે

અમરેલી, તા. ૨૨

સમગ્ર ગુજરાત રાજયમાં વિકાસના કાર્યો પુરજોશથી ચાલી રહ્યા છે. ત્યારે લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાની ઉપસ્થિતિમાં બાબરા તાલુકાના નાની કુંડળ –ઈતરિયા સુધી પાકા ડામર રોડના ખાતમુહૂર્તનો કાર્યક્રમ વિધિવત રીતે યોજાયો હતો.

જિલ્લા પંચાયત માર્ગ અને મકાનની રૂપિયા ૨ કરોડ ૯૨ લાખની અનુદાનની રકમમાંથીનાની કુંડળ–ઈતરિયાં રોડ બનાવવામાં આવશે અંદાજિત ૩,૫૦૦ મીટરની લંબાઈ વાળા રોડની ટુંક જ સમયમાં શરૂઆત કરવામાં આવશે, આગામી દિવસોમાં વહેલી તકે પૂર્ણ કરવામાં આવશે.



નાની કુંડળ ખાતે રોડના ખાતમુહુર્ત પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા એ ગ્રામજનો સાથે ચર્ચા કરી રોડનું કામ ગુણવત્તા યુકત થાય તે અંગેની તકેદારી રાખવા જણાવ્યું હતું.

બાબરા તાલુકાના નાની કુંડળ ગામે રોડના ખાતમુહુર્ત પ્રસંગે અમરેલી જિલ્લા પંચાયત સદસ્ય નીતિનભાઈ રાઠોડ, બાબરા તાલુકા પંચાયત સદસ્ય માધવભાઈ કટારીયા, ગામના સરપંચ, રસિકભાઈ રાઠોડ, વિનુભાઈ મેર, તાલુકા ભાજપ પ્રમુખ કિરીટભાઈ બગડા, મધુભાઈ ગેલાણી સહિતના આગેવાનો, ગ્રામ પંચાયતના સદસ્યો, માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર મેહુલસિંહ ચાવડા સહિતના અધિકારીઓ તેમજ કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

## રાજુલામાં શાંતિ સમિતિની બેઠકમાં હિન્દુ મુસ્લિમ સમાજના આગેવાનો જોડાયા

રાજુલા, તા.૨૨

૨૨મીએ અયોધ્યા ખાતે ભગવાન શ્રીરામ ભગવાનની પ્રાણપ્રતિષ્ઠા થવા જઈ રહી છે. ત્યારે આજરોજ મહિલા પીઆઈ ઈન્દુબા ગિડાએ હિન્દુ મુસ્લિમ સમાજની શાંતિ સમિતિની મિટિંગ યોજાઈ હતી. જેમાં શાંતિપુર્ણ રીતે શોભાયાત્રા નીકળે તે માટે પીઆઈએ અપીલ કરી હતી. સાથે શહેરનાં વિવિધ મુદા બાબતે પણ વેપારીઓ સાથે ચર્ચા કરવામાં આવેલી આજની આ મિટિંગમાં શહેરનાં વેપારી ચેમ્બર ઓફ કોમર્સનાં હોદેદારો તેમજ વિશ્વ હિન્દુ પરિષદાના પ્રમુખ સહિતનાં કાર્યકરો હાજર રહેલા આ તકે દિલીપભાઈ જીજ્ઞેશભાઈ ત્રિવેદી ચિરાગભાઈ જોશી ઘનશ્યામભાઈ મશરૂ મનોજભાઈ વ્યાસ અજયભાઈ ગોહિલ, આરીફભાઈ જોખિયા, અક્ષયભાઈ ધાખડા, યુવરાજભાઈ ચંદુ, મનીષભાઈ વાઘેલા મહેન્દ્રભાઈ ધાખડા, મનીષભાઈ વાળા, સહિતનાં વેપારીઓ ઉપસ્થિત રહયા હતા. આ મિટિંગમાં ખાસ મુસ્લિમા સમાજનાં તમામ આગેવાનો પણ ઉપસ્થિત રહેલા.

## રાજુલા : સમર્પણ હોસ્પિટલ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



રાજુલા, તા. ૨૨

રાજુલા સમર્પણ હોસ્પિટલ ખાતે એક બ્લડ ડોનેશન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવેલું બ્લડ ડોનેશન કેમ્પ તો દરેક જગ્યાએ થતા જ હોય છે પરંતુ આજનો આ બ્લડ ડોનેશનમાં ત્રિવેણી સંગમ જેવો માહોલ જોવા મળ્યો.

આ બ્લડ ડોનેશન કેમ્પમાં ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ પીપાવાવ પોલીસ સ્ટેશન રાજુલા અને રાજુલા સમર્પણ હોસ્પિટલ આ ત્રણેયના સહયોગથી આ બ્લડ ડોનેશન કેમ્પ ભવ્ય રીતે આયોજન કરવામાં આવેલ. જેમાં આજના આ કેમ્પમાં કુલ ૭૫ બોટલ એકત્રિત થવા પામેલ આ કાર્યમાં નવકાર બ્લડ બેન્ક મહુવા દ્વારા પોતાની વિશેષ સેવા આપવામાં આવેલી. ત્યારે મહત્વની બાબતે કે સમર્પણ હોસ્પિટલને એક વર્ષ પૂરું થતાં આ આયોજન કરવામાં આવેલ ત્યારે પોલીસ કર્મી માટે સુરક્ષા સેતુ કાર્યકમ અંતર્ગત તેમજ કોસ્ટ ગાર્ડ દ્વારા કોસ્ટગાર્ડ વીક ચાલી રહ્યું હોય ત્યારે આ ત્રિવેણી સંગમ કાર્યક્રમ યોજાયો. ત્યારે આ કાર્યક્રમમાં કોસ્ટ ગાર્ડના સ્ટાફ દ્વારા તેમજ પોલીસના સ્ટાફ દ્વારા તેમજ આ હોસ્પિટલના તમામ ડોક્ટરો દ્વારા સાથે સાથે હોસ્પિટલમાં આવનાર દર્દીઓના સગાઓ દ્વારા પણ આ કાર્યમાં બ્લડ આપીને સહયોગ આપેલો. આ કાર્યક્રમમાં ડોક્ટર જયંતીભાઈ કાતરીયા અને તેમની ટીમ તેમજ કોસ્ટ ગાર્ડની ટીમના મુખ્ય અધિકારી રાકેશકુમાર દ્વારા તેમજ રાજુલા પોલીસ સ્ટેશનના પી.આઈ ગીડા દ્વારા અને તેમની ટીમ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવેલો.

## અમરેલી : એસ.ટી.નાં કર્મચારીઓ દ્વારા શ્રીરામલલ્લાનાં પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી



અમરેલી, તા.૨૨

સમગ્ર દેશમાં રામ જન્મભૂમિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાય રહયો છે. ત્યારે અમરેલી એસ.ટી.ડેપોમાં કર્મચારીઓ દ્વારા ડેપો પર આવેલા હનુમાનજી મહારાજનાં મંદિરમાં સત્યનારાયણ ભગવાનની કથા કરવામાં આવી તથા અયોધ્યાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની પણ ઉજવણી કરવામાં આવી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનાં સમયે હનુમાન લલ્લાની તેમજ રામલલ્લાની કર્મચારીઓ દ્વારા આરતી ઉતારી પ્રસાદની વહેંચણી કરાઈ એસ.ટી.ડેપો ઉપર ઉપસ્થિત પ્રવાસીઓમાં પ્રસાદની વહેચીણી કરાય.

## અમરેલીનાં ડી.જી. મહેતાએ ઘરમાં રામમંદિર બનાવ્યું



અમરેલી, તા. ૨૨

ભારત દેશમા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાતો હોય ત્યારે રામના પ્રિય પાત્ર તેમના ભકતો હોય છે .

તેમના પ્રિય પાત્ર અમરેલીના સંત સિરોમણી શ્રી મુળ દાસ બાપા અને ફતેપુરનાં સંત શ્રી ભોજા ભગત આ પ્રસંગે યાદ કરતા ડી.જી. મહેતાએ પોતાને ઘરે રામ મંદિર બનાવી તે મંદિરમાં સંતોને બિરાજમાન કરી પોતે ધન્યતા અનુભવી.


ખુબ ખુબ અભિનંદન



અમરેલી જિલ્લા વકીલ મંડળના
સેક્રેટરી તેમજ અમારા ભાણેજ
**શ્રી જે.આર. વાળા** પોતાની
નવી ઓફીસમાં પ્રસ્થાન કરેલ હોય
તેમજ તેઓ પોતાના વ્યવસાયમાં
ખુબ પ્રગતિ કરતા રહે
તેવી ભગવાન સૂર્યનારાયણને
પ્રાર્થના તેમજ
ખુબ ખુબ અભિનંદન...

: શુભેચ્છક :

શ્રી રાજુભાઈ જે. શેખવા

તેમજ પરિવારજનો...


# અમરેલી : સિનિયર સિટીઝન્સ સોસાયટી દ્વારા ધાર્મિક પ્રવચન યોજાયું



અમરેલી સિનિયર સિટીઝન સોસાયટી નામનું છેલ્લા ૧૮ વર્ષથી ચાલતું આ મંડળ વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન કરે છે. તાજેતરમાં મંડળની પ્રથમ બેઠક મળી હતી. જેમાં પ્રાર્થનાથી પ્રારંભ થયો. પ્રમુખ રવજીભાઈ કાચાએ સૌ વડીલોને આવકાર આપતા જણાવ્યું કે, આ સંસ્થાની સ્થાપના સી.એન.ત્રિવેદીએ સાલ ૨૦૦૭માં ફકત સાત સભ્યો દ્વારા કરેલ હતી. જે આજે વટવૃક્ષ સમાન બની છે. જેમાં આજે ૧૨૦ સભ્યો છે. તેમની આજે વાર્ષિક પુણ્ય તિથિએ તેમને યાદ કરી શ્રદ્ધાંજલી આપીએ છીએ. રૂપાયતન સંસ્થાનાં ૫૦ વર્ષ પુર્ણ થતા હોય, જે એક સોવેનીયર પ્રગટ કરવાની છે. તેની માહિતી આપી. ઉપરાંત આ સંસ્થા દ્વારા એક કરૂણા અભિયાન ભંડોળનું આયોજન કરવાનું સુચન કર્યુ. આ ભંડોળમાં થી પક્ષીચણ, ગાયને ચારો, પાંજરાપોળ અને જરૂરીયાતમંદોને દાનમાં વાપરવાનું નકકી થયું. આ કાર્યની જવાબદારી જયેશભાઈ ઉપાધ્યાય તથા હર્ષદભાઈ જોષીએ સંભાળી બાદમાં બી.એ.પી.એસ. સ્વામીનારાયણ મંદિર અમરેલીનાં પૂ. સાધુચરીત સ્વામી તથા યુગવિજય સ્વામી પધારતા તેમનું ફુલહારથી મીહીરભાઈ ત્રિવેદી તથા સેક્રેટરી કનુભાઈ જોષી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું તેમણે આર્શિવચન આપતા કહયું. સૌ વડીલોની તંદુરસ્તી સારી રહે અને ભકિતભાવમાં જીવન પસાર થાય તેવી ભગવાનને પ્રાર્થના કરીએ છીએ. ચાલુ માસનાં જન્મદિન, લગ્નદિનની શુભેચ્છાબાદ આજનાં કાર્યક્રમનાં ભોજનના સ્પોન્સર દમયંતિબેન ત્રિવેદી તથા પરિવારનું પુષ્પગુચ્છ દ્વારા અભિયાન કરવામાં આવ્યું. ત્રિવેદીના પુત્ર મીહિરભાઈએ પોતાનાં પિતાની પુણ્ય તિથિએ જેરામભાઈ પટોળીયાએ ગતવર્ષનો હિસાબ રજુ કર્યો. જે સર્વાનુમંતે મંજુર કરવામાં આવ્યો. ટોમભાઈએ આભારવીધિ અને તરૂલબેન વ્યાસનું સંચાલન સારૂ હતું. રાષ્ટ્રગીત બાદ ત્રિવેદી પરિવાર તરફથી મીષ્ટભોજન કરાવવામાં આવ્યું બાદ કાર્યક્રમ પુર્ણ થયાનું કનુભાઈ જોષીની યાદીમાં જણાવેલ છે.

